<table>
<tr><td rowspan="5">GJPM010039952025</td><td>કેસ રજુ તારીખ :</td><td colspan="3">૧૮–૧૧–૨૦૨૫</td></tr>
<tr><td>કેસ નોંધ્યા તારીખ :</td><td colspan="3">૧૮–૧૧–૨૦૨૫</td></tr>
<tr><td>કેસ ફેંસલ કર્યા તારીખ :</td><td colspan="3">૨૧–૦૪–૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો :</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૫</td><td>૦૩</td></tr>
</table>

**Exh.-102**

**પંચમહાલ જિલ્લાનાં સ્પે. કોર્ટ(પોકસો) અને ચોથી એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા. જી.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૨૧/૦૪/૨૦૨૬**

## સ્પે. કેસ (પોકસો) નં.૬૩/૨૦૨૫

ગોધરા તાલુકા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૪૨૫૦૯૯૬/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૧)(૨) (એમ), ૬૫(૨) , ૧૧૫(૨), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪,૬(૧) તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ. એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | બોડાભાઈ ઉર્ફે અજયભાઈ અનોપસિંહ નાયકા, ઉ.વ.૨૭, રહે.વાવડી બુઝર્ગ, કનેલાવ ફળીયું, તા.ગોધરા. જી.પંચમહાલ. |
| Represented by | આરોપીના વિ.વકીલ શ્રી એન.કે.પરમાર |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 19-09-2025 |
| Date of FIR | 19-09-2025 |
| Date of Charge sheet | 18-11-2025 |

| | |
|---|---|
| Date of Framing of Charges | 08-12-2025 |
| Date of commencement of evidence | 11-12-2025 |
| Date on which Judgment is reserved | 09-04-2026 |
| Date of the Judgment | 21-04-2026 |
| Date of the Sentencing Order, if any | 21-04-2026 |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Bodabhai @Ajaybhai Anopsinh Nayaka | 21/9/25 | UTP | BNS Sec. 137(2), 64(1)(2)(m), 65(2), 115(2), 351(2) & Pocso Act Sec. 4, 6(1) & GP Act 135 | Convicted in Sec. 137(2), 64(1)(2)(m), 65(2), 115(2) of BNS & Sec. 4, 6(1) of POCSO Act | Life imprisonment and total amount of fine Rs.1,11,000/- (Rupees one lakh eleven thousand only) | Dt.21/09/2025 to Dt.21/04/2026 |

## :: ચુકાદો ::

**૧.** ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૨), ૧૧૫(૨), ૩૫૧(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની(જેનો હવે પછી ''પોકસો એકટ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૪, ૬(૧) તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી

રહેલા છે. આરોપી હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં છે.

**૩**. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૯/૯/૨૫ ના રોજ રાત્રીના ૨.૦૦ વાગ્યે આરોપી ભોગબનનારના ઘરે ગયેલો અને તે વખતે ભોગબનનાર, ભોગબનનારની બહેનો અને ભોગબનનારના દાદી ઉંઘી ગયેલા હતા ત્યારે આરોપીએ ભોગબનનારનો હાથ ખેંચીને તેના ઘરની બહાર લઈ જતો હતો તે વખતે ભોગબનનારના દાદી ભોગબનનારને છોડાવવા વચ્ચે પડતાં આરોપીએ તેમને હાથ ઉપર અને બરડામાં લાકડી મારેલી અને ભોગબનનારને ઘરની બહાર લઈ ગયેલ અને ભોગબનનારને ચપ્પાથી મારી નાખવાની ધમકી આપી ગઢ ગામે ખેરોલ માના મંદીર નજીક લઈ ગયેલ અને ત્યાં ડુંગરામાં એક પથ્થર ઉપર તેણી ને સુવડાવી તેણીની સાથે શરીરસંભોગ કરેલો અને સવારે ભોગબનનાર તેણીના ઘરે આવેલી.

**૪.** ભોગબનનારના પિતાએ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન ગુ. ર. નં.૧૧૨૦૭૦૨૪૨૫૦૯૯૬/૨૦૨૫થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૨), ૧૧૫(૨), ૩૫૧(૨) તથા ધી પોકસો એકટ ની કલમ–૪, ૬(૧) તથા ગુજરાત પોલીસ એકટ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

**૫.** આરોપીને રજુ કરતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૬ અન્વયે સુનાવણી કરી

આંક–૭ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૧)(૨) (એમ), ૬૫(૨), ૧૧૫(૨), ૩૫૧(૨) તથા ધી પોકસો એકટ ની કલમ–૪, ૬(૧) તથા ગુજરાત પોલીસ એકટ ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–૮થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદપક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | 09 | મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી | ભોગબનનારના કપડાં કબજે કર્યાના પંચનામાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના તથા આરોપીના કપડાં તથા લાકડી અને ચપ્પુ કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-2 | 26 | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-3 | 29 | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| PW-4 | 31 | ભોગબનનારની માતા | સાહેદ |
| PW-5 | 32 | ભોગબનનારના દાદી | સાહેદ |
| PW-6 | 33 | નિશાર મહંમદ છોટા | સાહેદ |
| PW-7 | 35 | વિનયસિંહ જેઠુસિંહ રાઠોડ | આચાર્ય |
| PW-8 | 42 | દિલીપકુમાર કાભસિંહ પગી | તલાટી કમ મંત્રી |
| PW-9 | 46 | ડો.પરીમલ ભરતકુમાર જણસારી | મેડીકલ ઓફીસર |

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-10 | 52 | ડો.પરસોત્તમ ગણેશભાઈ રાઠોડ | મેડીકલ ઓફીસર |
| PW-11 | 57 | ડો.જય રણછોડભાઈ રાવત | મેડીકલ ઓફીસર |
| PW-12 | 60 | ડો.આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય | ગાયનેકોલોજીસ્ટ |
| PW-13 | 63 | રમેશકુમાર ચંન્દ્રસિંહ બારીઆ | પોલીસ સ્ટેશન ઓફીસર |
| PW-14 | 67 | નરવતસિંહ પ્રતાપભાઈ સેલોત | તપાસ કરનાર અધિકારી |
| PW-15 | 70 | પ્રવિણ ખાતુજી અસોડા | તપાસ કરનાર અધિકારી |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-10/PW- 1 | ભોગબનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું |
| 2 | Ex-11 to 13/PW-1 | મુદ્દામાલની સ્લીપો |
| 3 | Ex-14/PW-1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 4 | Ex-15/PW-1 | આરોપીના કપડાં કબજે કર્યાનું પંચનામું |
| 5 | Ex-16 to 20/PW-1 | મુદ્દામાલની સ્લીપો |
| 6 | Ex-21/PW-1 | મુદ્દામાલ ચપ્પુ તથા લાકડી કબજે કર્યાનું પંચનામું |
| 7 | Ex-23/PW- 1 | સમજ યાદી |
| 8 | Ex-27/PW- 2 | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું નિવેદન |
| 9 | Ex-30/PW-3 | ફરીયાદ |
| 10 | Ex-34/PW- 6 | મોબાઈલ ખરીદીનું બીલ |
| 11 | Ex-36/PW- 7 | જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ |
| 12 | Ex-37/PW- 7 | વાલી સર્ટીની ખરી નકલ |
| 13 | Ex-38/PW-7 | ભોગબનનારના આધારકાર્ડની નકલ |
| 14 | Ex-39/PW- 7 | જન્મના પ્રમાણપત્રની નકલ |
| 15 | Ex-40/PW- 7 | આચાર્યને કરેલી યાદી |
| 16 | Ex-41/PW- 7 | જન્મ તારીખનો દાખલો |
| 17 | Ex-43/PW- 8 | જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાની નકલ |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 18 | Ex-44/PW- 8 | ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની ખરાઈ માટેની યાદી |
| 19 | Ex-45/PW- 8 | જન્મનું પ્રમાણપત્ર |
| 20 | Ex-47/PW- 9 | આરોપીની મેડીકલ તપાસ માટેની પોલીસ યાદી |
| 21 | Ex-48/PW-9 | સર્જન ડોકટરે કરેલ તપાસના કાગળો |
| 22 | Ex-49/PW-9 | મનોચિકીત્સક ડોકટરે કરેલ તપાસના કાગળો |
| 23 | Ex-50/PW-9 | આરોપીના લેબ રીપોર્ટ |
| 24 | Ex-51/PW-9 | એમ.એલ.સી. |
| 25 | Ex-53/PW-10 | ભોગબનનારની મેડીકલ તપાસ માટેની પોલીસ યાદી |
| 26 | Ex-54/PW-10 | ભોગબનનારનું એમ.એલ.સી. |
| 27 | Ex-55/PW-10 | ભોગબનનારના લીધેલ નમુના સોંપ્યાની યાદી |
| 28 | Ex-58/PW- 11 | ભોગબનનારના દાદીનું એમ.એલ.સી. |
| 29 | Ex-59/PW- 11 | યાદી |
| 30 | Ex-61/PW- 12 | લેબ રીપોર્ટ |
| 31 | Ex-62/PW- 12 | ગાયનેક તપાસનો રીપોર્ટ |
| 32 | Ex-64/PW- 13 | સુચિપત્ર |
| 33 | Ex-65/PW- 13 | ડેપ્યુટ હુકમ |
| 34 | Ex-66/PW- 13 | ફેકસ મેસેજ |
| 35 | Ex-68/PW-14 | ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓને કરેલ યાદી |
| 36 | Ex-71/PW- 15 | ભોગબનનારની માતાનું સંમતિપત્ર |
| 37 | Ex-72/PW- 15 | સરકારી પંચો ફાળવવા કરેલી યાદી |
| 38 | Ex-73/PW- 15 | પંચ ફાળવણી હુકમની નકલ |
| 39 | Ex-74/PW- 15 | એફએસએલ અધિકારીને સ્થળ ઉપર હાજર રહી સ્થળ પરીક્ષણ અહેવાલ આપવા કરેલ યાદી |
| 40 | Ex-75/PW- 15 | બી.એસ.એ એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | પ્રમાણપત્ર |
| 41 | Ex-76/PW- 15 | હેઝ વેલ્યુનો રીપોર્ટ |
| 42 | Ex-77/PW- 15 | એફ.એસ.એલનો સ્થળ પરીક્ષણનો અહેવાલ |
| 43 | Ex-78/PW- 15 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયેનું નિવેદન લેવડાવવા ચીફ કોર્ટને કરેલ યાદી |
| 44 | Ex-79/PW- 15 | બી.એસ.એ એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું પ્રમાણપત્ર |
| 45 | Ex-80/PW- 15 | હેઝ વેલ્યુનો રીપોર્ટ |
| 46 | Ex-81/PW- 15 | યાદી |
| 47 | Ex-82/PW- 15 | વિડીયોગ્રાફીનું પ્રમાણપત્ર |
| 48 | Ex-83/PW- 15 | ભોગબનનારનું નિવેદનની નકલ મેળવવા કરેલ અરજી |
| 49 | Ex-84/PW- 15 | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| 50 | Ex-85/PW- 15 | ના. પો. અધિક્ષકને કરેલી યાદી |
| 51 | Ex-86/PW- 15 | એફ.એસ.એલ વડોદરાની મુદ્દામાલ મળ્યા ની પહોંચ |
| 52 | Ex-87/PW- 15 | ભોગબનનારના દાદીનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયેનું નિવેદન લેવડાવવા ચીફ કોર્ટને કરેલ યાદી |
| 53 | Ex-88/PW- 15 | ચાઈલ્ડ વેલ્ફેર કમીટીને કરેલી યાદી |
| 54 | Ex-89/PW- 15 | નોડલ ઓફીસરને કરેલી યાદી |
| 55 | Ex-90/PW- 15 | ના. પો. અધિક્ષકને કરેલી યાદી |
| 56 | Ex-91/PW- 15 | કોલ ડીટેઈલ |
| 57 | Ex-92/PW- 15 | યાદી |
| 58 | Ex-93/PW- 15 | વિડીયોગ્રાફરનું પ્રમાણપત્ર |
| 59 | Ex-94/PW- 15 | ભોગબનનારના દાદીના નિવેદનની નકલ મેળવવાની અરજી |
| 60 | Ex-95/PW- 15 | ભોગબનનારના દાદીના નિવેદનની નકલ |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 61 | Ex-96/PW- 15 | એફ.એસ.એલ વડોદરાનો પત્ર |
| 62 | Ex-97/PW- 15 | બાયોલોજી તથા શીરોલોજીકલ રીપોર્ટ |
| 63 | Ex-98/PW- 15 | જાહેરનામાની નકલ |

**Material Objects:**

| Sr. No. | Material Object No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક ટોપ |
| 2 | MO-2 | એક સલવાર |
| 3 | MO-3 | એક ઓઢણી |
| 4 | MO-4 | એક શર્ટ |
| 5 | MO-5 | એક પેન્ટ |
| 6 | MO-6 | એક રેડમી કંપનીનો મોબાઈલ તથા એક સીમકાર્ડ |
| 7 | MO-7 | એક ચપ્પુ |
| 8 | MO-8 | એક લાકડી |

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૯૯થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, આરોપીના મોસાળપક્ષ માં ફરીયાદીને દુશ્મનાવટ હોય અને ફરીયાદીના બકરા ચોરી જઈશું તેવો વ્હેમ

હોય આરોપી વિરૂધ્ધ ગોઠવીને ફરીયાદ આપેલ છે જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા નમ્ર અરજ છે.

**૯.** આરોપીપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઈ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.એ આંક–૧૦૦થી રજુ કરેલી લેખીત દલીલો વંચાણે લીધી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી એન.કે.પરમાર ની મૌખીક દલીલો સાંભળી.

**૧૧.૧.** આરોપીના વિ. વકીલશ્રીની દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ તથા કબજે લીધેલ મુદ્દામાલના પંચનામાના પંચની જુબાની જોવામાં આવે તો તેમને તેમની કચેરીમાંથી પંચ તરીકે હાજર રહેવા કોઈ હુકમ મળેલ નથી તેમજ તેઓ પંચનામાના માટે જે સમય જણાવે છે તેમાં પણ તફાવત જણાય છે અને તેથી આ પંચ સાહેદની જુબાનીથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી.

**૧૧.૨.** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની સમગ્ર જુબાની જોવામાં આવે તો ભોગબનનાર પોતાની જુબાની ગોખીને બોલેલ હોય તેમ જણાઈ આવે છે અને આરોપીના મામાના તેઓ કુટુંબી હોવા છતાં તે જાણતા ના હોવાનું જણાવે છે તે જોતાં ભોગબનનાર ટયુટર વીટનેશ હોવાનું જણાય છે અને તેથી તેની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૧૧.૩.** તેમની વધુમાં એવી દલીલ છે કે, ભોગબનનારની જુબાની જોતાં તથા પંચ સાહેદની જુબાની જોતાં ફરીયાદીના ઘરની આજુબાજુમાં બીજા ઘરો આવેલા છે હોવાનું પુરવાર થાય છે. તેમજ પંચ સાહેદની જુબાની જોતાં ભોગબનનારના ઘરે જો બુમાબુમ થાય તો આજુબાજુના ઘરોમાં સંભળાય

તે હકીકત પુરવાર થાય છે અને તેથી જો ભોગબનનાર સાથે રાત્રીના સમયે આવો કોઈ બનાવ બનેલો હોય તો આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા હોત પરંતું આવા કોઈ વ્યકિતના નિવેદન લેવામાં આવેલા નથી કે તેમને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. વધુમાં, ભોગબનનારના પિતાની જુબાની જોવામાં આવે તો તેમને બનાવની રાત્રે જાણ થયેલી હોવાનું જણાવે છે તેમ છતાં તેમને રાત્રે તપાસ કરાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી. ભોગ બનનાર સાથે જો આવો કોઈ બનાવ બનેલ હોય તો તેના પિતા તાત્કાલીક આ બાબતે તપાસ કરાવે પણ આવી કોઈ તપાસ કરાવેલ નથી અને તેથી આવો કોઈ બનાવ બનેલ હોવાની હકીકત શંકાસ્પદ બની જાય છે. વધુમાં, ભોગબનનારના દાદીની જુબાની જોવામાં આવે તો તેમને રાત્રે કોઈ ને બનાવની જાણ કરેલી નથી, જો બનાવ બનેલ હોત તો તેની જાણ કરેલી હોત પણ કોઈને જાણ કરેલી ના હોય બનાવ બન્યાની હકીકત શંકાસ્પદ બની જાય છે.

**૧૧.૪.** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારના માતાની જુબાની જોવામાં આવે તો તેમની જુબાની અન્ય સાહેદોની જુબાનીથી વિરોધાભાષી જુબાની હોય ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે.વધુમાં, ભોગબનનારના ઘર આગળથી મોટર સાઈકલ ઉપર જતી વખતે ગતી મર્યાદીત રાખવી પડે તેમ છે અને તેથી જો આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોત તો તેને રોકી શકાયેલ હોત કે તેનો પીછો કરી શકાયેલ હોત પણ આવુ કાંઈ કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી અને તેથી આ બનાવ શંકાસ્પદ બની રહે છે.

**૧૧.૬** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની જોવામાં આવે તો તેઓ દરવાજો બંધ કરીને સુઈ ગયેલા હતા અને તે દરવાજો આરોપીએ જાતે ખોલી આરોપી અંદર આવેલાનું જણાવેલ છે પરંતું દરવાજો અંદરથી બંધ

હોય તો આરોપી કઈ રીતે દરવાજો ખોલી શકે અને કેવી રીતે અંદર આવી શકે. વધુમાં, ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી ભોગબનનારને ગઢ ગામના જંગલમાં લઈ ગયેલ અને પંચનામું જોવામાં આવે તો ત્યાંથી ૫૦૦ મીટર દૂર મંદીર આવેલ હતું અને તેથી ભોગબનનારે બુમા બુમ કરેલી હોય તે મંદીરે સાંભળી શકાય તેમ છે પરંતુ મંદીરના કોઈ વ્યકિતનું નિવેદન લેવામાં આવેલ નથી.

**૧૧.૭** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની જોતાં આરોપીના મામા સાથે તેમના ઘરના બોલતા ના હોવાનું જણાવેલ છે. જેથી, આરોપીના મામા અને ભોગબનનારના કુટુંબ વચ્ચે તકરાર હોવાનું પુરવાર થાય છે. વધુમાં, આરોપીના ફોઈની છેડતી ભોગબનનારના પિતાના કાકાના છોકરા એ કરેલી હોય અને તે અંગે ઝઘડો થયેલો અને તેની અદાવત રાખી તથા આરોપી બકરા ચોરી કરતો હોવાનો દવેષભાવ રાખી આખી ખોટી ફરીયાદ કરવામાં આવેલી છે.

**૧૧.૮** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે શાળાનું પ્રવેશ ફોર્મ રજુ કરેલ છે પરંતુ તે વખતે સાહેદ આચાર્ય આ શાળામાં નોકરી કરતા ન હતાં. વધુમાં, ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરવા જે તલાટી–કમ–મંત્રીને તપાસવામાં આવેલા છે તે નોંધણી વખતે તે પં ચાયતમાં નોકરી કરતા ન હતાં અને નોંધણી વખતે કોઈ દસ્તાવેજો આપેલો નથી અને તેથી આ નોંધણી ઉપર આધાર રાખી શકાય નહીં અને તેથી ભોગબનનારની જન્મ તારીખ પુરવાર થઈ શકતી નથી અને તેથી બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૧૧.૯** તેમની વધુમાં દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગબનનાર બનાવ વખતે ૧૦ વર્ષની હતી અને તેની સાથે જો શરીરસંબંધ

બાંધવામાં આવે તો આરોપીના શિશ્ન ઉપર ઈજા થાય પરંતું મેડીકલ ઓફીસરના પુરાવા જોવામાં આવે તો આરોપીને આવી કોઈ ઈજા થયેલી ન હતી. વધુમાં, ડો. પી. જી. રાઠોડની જુબાની જોવામાં આવે તો જો શારીરીક સંભોગ થયાના ૭૨ કલાકની અંદર નમુના લેવામાં આવેલ હોય તો જીવીત કે મૃત શુક્રાણુઓની હાજરી મળવાની શકયતા ઘણી વધારે રહેલી હોવાનું પુરવાર થાય છે અને હાલના કેસમાં ભોગબનનારની શારીરીક તપાસ ૨૪ કલાકમાં કરવામાં આવેલી છે પરંતું ભોગબનનારના વજાઈનલ સ્વેબમાંથી કઈ જીવીત કે મૃત શુક્રાણુની હાજરી મળી આવેલી નથી. જેથી, શારીરીક સંભોગ થયાની હકીકત શંકાસ્પદ બને છે. વધુમાં, જો ગર્ભનિરોધક સાધન વિના શાઢ રીરીક સંભોગ કરવામાં આવે તો યુ.પી.ટી. પોઝીટીવ આવવાની સંભાવના રહે છે પરંતું હાલના કેસમાં આવા કોઈ સંજોગો ઉભા થયેલા નથી. વધુમાં, ગાયનેક ડોકટર ની જુબાની જોવામાં આવે તો ભોગબનનાર કોમાર્ય (વર્જીન) હોવાની નોંધ તેમના રીપોર્ટમાં કરેલ છે. જેથી, ભોગબનનાર સાથે શરીરસંભોગ થયાનું માની શકાય તેમ નથી.

**૧૧.૧૦** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારને શરીર ઉપર ઈજા થયેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવે છે પરંતું મેડીકલ ઓફીસરના પુરાવા જોવામાં આવે તો આ ઈજા કેટલી જુની હતી તે અંગે કોઈ પુરાવો નીકળી આવતો નથી અને તેથી આ ઈજાના આધારે એમ માની લઈ શકાય નહી કે આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલો. વધુમાં, ડો. જય રાવત ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના દાદી સારવાર માટે દાખલ થયેલ હોવાનું જણાવેલ છે પરંતું તે કેસ પેપર લઈને જતા રહેલા છે અને તેથી તે એમ. એલ. સી. લેવા માટે દવાખાને ગયેલ હોવાનું જણાય છે અને તેથી આરોપીને આ ગુનામાં સંડોવવા માટે આ પ્રયત્ન કરવામાં આવેલ હોવાનું

જણાય છે.

**૧૧.૧૧** તેમની વધુમાં દલીલ એવી છે કે, આરોપીના મામા સાથે ફરીયાદ પક્ષને તકરાર હોય તથા ફરીયાદીના કાકાના છોકરાએ આરોપીના ફોઈની છેડતી કરેલી હોય તેના કારણે ઝઘડો થયેલો હોય તેનો દ્વેષભાવ રાખી તેમજ આરોપીનો મોબાઈલ ભોગબનનારના દાદીએ લઈ લીધેલ હોય અને તેની આરોપી ફરીયાદ આપનાર હોય તેના કારણે આરોપી સામે ગંભીર ગુનાનો ખોટો કેસ કરાવેલ છે. જેથી, આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

**૧૨.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા :-</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર ૧૨ વર્ષ કરતાં ઓછી ઉંમરના હતાં?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી એ તા.૧૯/૯/૨૫ ના રોજ રાત્રીના સમયે ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.૧૦ વર્ષનીને ભોગબનનારના ઘરેથી શારીરીક શોષણ કરવાના ઈરાદે બળજબરીથી તેણીના વાલીની સંમતિ વગર તેમના વાલીપણામાંથી અપહરણ કરી, ગઢ ગામના જંગલમાં લઈ જઈ આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૯/૨૫ ના રોજ રાત્રીના સમયે ભોગબનનારને ગઢ ગામના જંગલમાં લઈ જઇ ભોગબનનારને ચપ્પુ બતાવી જાન થી મારી નાખવાની ધમકી આપી, તેણીની સાથે બે વાર બળજબરીથી શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૧)(૨)(એમ), ૬૫(૨), ૩૫૧(૨) તથા ધી પોકસો એકટની કલમ- ૪, ૬(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો

કરેલ છે?

૪. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૯/૨૫ ના રોજ રાત્રીના સમયે ફરીયાદીના ઘરે આરોપીએ ભોગબનનારના દાદીને હાથે તથા બરડામાં લાકડી મારી ઈજા નિપજાવી ભારતીય ન્યાય સંહિતા ની કલમ–૧૧૫(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે?

૫. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગબનનારના ગામે આરોપીએ લાકડી તથા ચપ્પુ ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૬. શું હુકમ?

**૧૩.** ઉપરોકત મુદ્દા પરત્વનો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. અંશત: હકારમાં. (ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૧)(૨)(એમ), ૬૫(૨) તથા ધી પોકસો એકટની કલમ – ૪, ૬(૧) માટે 'હકારમાં' અને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૨) માટે 'નકારમાં')
૪. હકારમાં.
૫. નકારમાં.
૬. આખરી હુકમ મુજબ

## –: કા ર ણો :–

**મુદ્દા નં. ૧ :–**

**૧૪.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, વિનયસિંહ જેઠુસિંહ રાઠોડ (PW-7, Exh.-35)ની જુબાની મુજબ ભોગબનનારના દાદીએ આપેલી માહીતી મુજબ ભોગબનનારના શાળા પ્રવેશનુ ફોર્મ ભરી ભોગબનનારને ધોરણ –૧માં પ્રવેશ

આપવામાં આવેલો અને તે વખતે ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ રજુ કરેલી હતી અને તે મુજબ પ્રવેશ ફોર્મમાં ભોગબનનારની જન્મ તા.૨૪/૦૮/૨૦૧૫ની લખવામાં આવેલી હતી. તેમની જુબાનીમાં આંક ૩૬થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક ૩૭થી પ્રવેશ ફોર્મની ખરી નકલ, આંક ૩૯થી જન્મના પ્રમાણપત્રની નકલ, આંક ૪૦થી પોલીસ યાદી અને આંક ૪૧થી જન્મ તારીખનો દાખલો રજૂ કરેલ છે. તેમની આ જુબાનીને આ દસ્તાવેજોથી સમર્થન મળે છે. આ સાહેદની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે કબુલ રાખેલ છે કે, ભોગબનનારના વાલીએ ભોગબનનારની જન્મ તારીખ અંગે જે પુરાવા રજુ કરેલા તેની તેમને ખરાઈ કરેલી નહીં. આ સિવાય આ સાહેદની ઉલટતપાસમાં અન્ય કોઈ મહત્વની હકીકત નીકળી આવેલ નથી કે જેથી તેમની ઉપરોકત જુબાની શંકાસ્પદ બને. આ સાહેદની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ભોગબનનારના વાલીએ જે દસ્તાવેજો રજુ કરેલ તેની તેમને ખરાઈ કરેલ ન હોવાની હકીકત નીકળી આવે છે પરંતુ ભોગબનનારની જન્મ તારીખના પુરાવ અંગે ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર શાળા પ્રવેશ વખતે રજુ કરવામાં આવેલ હતુ અને તે જનમનું પ્રમાણપત્ર હાલના કેસના પુરાવામાં રજુ થયેલુ છે અને તે અંગે ફરીયાદપક્ષે તલાટી કમ મંત્રીને તપાસેલા છે. આમ, ભોગબનનારના શાળા પ્રવેશ વખતે જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા તે સબંધેના પુરાવા હાલના કેસમાં પણ રજુ થયેલા હોય સદર આચાર્યએ તે દસ્તાવેજોની ખરાઈ કરેલ ન હોવા માત્રથી શાળાના રેકર્ડમાં ભોગબનનારની જે જન્મ તારીખ લખાવેલી છે તે ખોટી છે તેમ કહી શકાય નહીં. આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોતાં તે હકીકત પુરવાર થાય છે કે ભોગબનનારને તેમની શાળામા ધોરણ–૧માં પ્રવેશ આપવામાં આવેલો હતો અને તેમની શાળાના રેકર્ડમાં ભોગગબનનારની જન્મ

તા.૨૪/૮/૨૦૧૫ નોંધવામાં આવેલી છે.

**૧૫.** ફરીયાદ પક્ષના સાહેદ, તલાટી–કમ–મંત્રી, દિલીપકુમાર કાભસિંહ પગી (PW-8, Exh.-42)ની જુબાની મુજબ તેમની ગ્રામ પંચાયતમાં જન્મ નોંધણી રજીસ્ટરમાં તા.૨/૯/૨૦૧૫ ના રોજ ભોગબનનારના જન્મની નોંધણી ભોગબનનારના પિતાએ આપેલી માહીતીના આધારે કરવામાં આવેલી અને તે મુજબ ભોગબાનરની જન્મ તા.૨૪/૮/૨૦૧૫ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક ૪૩થી જન્મ નોં્ધણી રજીસ્ટરના ઉતારાની ખરી નકલ તથા આંક.૪૪થી પોલીસ યાદી અને આંક ૪૫થી જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. આ દસતાવેજોથી આ સાહેદની જુબાનીને સમર્થન મળે છે. આ સાહેદની ઓારોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં આ જન્મની નોંધણી થઈ ત્યારે તે આ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ન હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની સાથે આશા વર્કર નો દાખલો કે માહીતી ફોર્મ આપવામાં આવેલ ન હોવાનું કબુલ રાખેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનારના જન્મની નોં ધણી સમયે તે આ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ન હતા પરંતુ આ સાહેદ સરકારી કર્મચારી છે અને સરકારી કર્મચારીએ પબ્લીક કચેરીમાં નિભાવવામાં આવતા રજીસ્ટરની નકલો રજૂ કરેલી છે અને અસલ રજીસ્ટર નામદાર કોર્ટમાં લઈને હાજર રહેલા છે. આ તમામ સંજોગો જોતાં ભોગબનનાર ના જન્મની નોંધણી થયેલ રજીસ્ટર યોગ્ય વ્યકિતની કસ્ટડીમાંથી રજૂ થયેલ છે. તે સંજોગોમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૨૯ ની જોગવાઈ જોતાં આ પુરાવો સુસંગત પુરાવો છે. આ સંજોગોમાં આ સાહેદની હાજરીમાં ભોગબનનારના જન્મની નોંધણી થયેલ ન હોવા છતાં આ સાહેદની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજો સુસંગત પુરાવો હોય તે દસ્તાવેજોને પુરાવામાં ધ્યાને લઈ

શકાય. વધુમાં ભોગબનનારના જમની નોંધણી સમયે આશા વર્કરનો દાખલો કે માહીતી ફોર્મ આપવામાં આવેલ ના હોય તેટલા માત્રથી ભોગબનનારના જન્મની નોંધ ખોટી કરાવવામાં આવેલ છે તેવું માની લઈ શકાય તેમ નથી. આંક ૪૩થી રજૂ થયેલ જમ નોંધણી રજીસ્ટરના ઉતારાની ખરી નકલ જોવામાં આવે તો ભોગબનનારના જન્મની નોંધણી ભોગબનનાર ના પિતાએ કરાવેલી હોવાનું જણાય છે. વધુમાં ભોગબનનારના પિતા (PW-3, Exh.-29)ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારા જન્મની તેઓ નોંધણી કરાવવા ગયેલા હોવાની હકીકત તેમની ઉલટતપાસમાં નીકળી આવેલ છે. આમ, ભોગબનનારના જન્મની નોંધણી ભોગબનનારના પિતાએ કરાવેલી હોય ત્યારે આ જન્મની નોંધણી ખોટી કરાવી છે તેમ માનવાને કોઈ કારણ રહેતું નથી. વધુમાં આંક ૪૩ જોવામાં આવે તો ભોગબનનારના જન્મની નોંધણી તા.૨/૯/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલી છે એટલે કે આ બનાવ બન્યાના આશરે દસ વર્ષ પહેલા ભોગબનનારના જન્મની નોંધણી થયેલી છે. જેથી ખોટો પુરાવો ઉભો કરવા માટે આ નોંધણી કરાવવામાં આવેલી હોય તેવું માનવાને કોઈ કારણ રહેતું નથી.જેથી ભોગબનનારના જન્મની નોંધણી વખતે આશા વર્કરનો દાખલો કે માહીતી ફોર્મ આપવામાં આવેલ ન હોય તેટલા માત્રથી ભોગબનનારની જન્મ તારીખ ખોટી નોંધાવવામાં આવેલી હોવાનું કહી શકાય નહીં. આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોતાં ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા.૨૪/૮/૨૦૧૫ નોંધવામાં આવેલી હોવાનું પુરવાર થાય છે.

**૧૬.** ફરીયાદ પક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh.-60)ની જુબાની મુજબ ભોગબનનારની શારીરીક તપાસ કરતાં ભોગબનનારને કયારેય માસિક આવેલ ન હતું અને ભોગબનનારના

સેકન્ડરી સેકસ્યુલ કેરેકટર અવિકસીત હતા તેમજ ભોગબનનારના ગુપ્તભાગે વાળ ન હતા. તેમની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમની ઉપરોકત જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી. આમ, ભોગબનનારના સેકેન્ડરી સેકસ્યુલ કેરેકટર અવિકિસત હોવાનું જણાઈ આવે છે.

**૧૭.** ભોગબનનારના પિતા (PW-3, Exh.-29), ભોગબનનારના માતા (PW-4, Exh.-31) તથા (PW-5, Exh.-32)ની જુબાની મુજબ ભોગબનનારની બનાવ વખતે ઉંમર ૧૦ વર્ષની હતી. વધુમાં, ભોગબનનારના માતા તેમની જુબાનીમાં ભોગબનનારનો જન્મ સને ૨૦૧૫માં થયેલ હોવાનું જણાવેલ છે. ભોગબનનારના પિતાની તથા ભોગબનનારના માતાની તથા ભોગબનનારના દાદીની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમની ઉપરોકત જુબાનીથી વિરૃધ્ધની હકીકતો નીકળી આવેલી નથી. આમ, ભોગબનનારની માતાની જુબાની મુજબ ભોગબનનારનો જન્મ સને ૨૦૧૫માં થયેલો. તેમની જુબાનીને આંક–૩૬ થી રજુ જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક–૩૭ થી રજૂ પ્રવેશ ફોર્મની ખરી નકલ, આંક–૪૩થી રજૂ જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક.૪૫થી રજૂ જન્મના પ્રમાણપત્ર થી સમર્થન મળે છે. વધુમાં, ગાયનેકોલોજીસ્ટ ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh.-60)ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના સેકેન્ડરી સેકસ્યુલ કેરેકટર અવિકસિત હતા અને ભોગબનનારને કયારેય માસિક આવેલ ન હતું તે જોતાં ભોગબનનાર દસ વર્ષની ઉંમરના હોવાની હકીકતને સમર્થન મળે છે. જેથી ભોગબનનારના માતાની જુબાનીને સમર્થન મળે છે અને તેથી તેમની આ જુબાની ના માનવાને કોઈ કારણ નથી.

**૧૮.** આમ, ભોગબનનારના માતા (PW-4, Exh.-31), આચાર્ય વિનયસિંહ

જેહુસિંહ રાઠોડ (PW-7, Exh.-35) તથા તલાટી–કમ–મંત્રી દિલીપકુમાર કાભસિંહ પગી (PW-8, Exh.-42)ની જુબાની તથા આંક ૩૬ વાળા જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક ૩૭ વાળા પ્રવેશ ફોર્મની ખરી નકલ, આંક ૩૯ વાળા જન્મના પ્રમાણપત્રની નકલ, આંક ૪૦ વાળા પોલીસ યાદી અને આંક ૪૧ વાળા જન્મ તારીખનો દાખલા, આંક ૪૩વાળા જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાની ખરી નકલ તથા આંક.૪૪ વાળી પોલીસ યાદી અને આંક ૪૫ વાળા જન્મનું પ્રમાણપત્ર ઉપરથી એ પુરવાર થાય છે કે ભોગબનનારની જનમ તા.૨૪/૮/૨૦૧૫ ની છે.

**૧૯.** ભોગબનનારના પિતા (PW-3, Exh.-29)ની જુબાની તથા ભોગ બનનાર ના દાદી (PW-5, Exh.-32)ની જુબાની મુજબ બનાવ તા.૧૮/૯/૨૦૨૫ ના રોજ બનેલો. ભોગબનનારના પિતા તથા ભોગબનનાર ના દાદીની જુબાની જોવામાં આવે તો તેમની ઉલટતપાસમાં તેમની ઉપરોકત જુબાનીથી વિરુધ્ધની કોઈ હકીકત નીકળી આવતી નથી. વધુમાં આંક–૩૦ થી રજુ થયેલ ફરીયાદથી પણ તેઓની જુબાનીને સમર્થન મળે છે જેથી તેમની આ જુબાની ના માનવાને કોઈ કારણ નથી. આમ, ભોગબનનારના પિતા તથા ભોગબનનારના દાદીની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, બનાવ તા.૧૮/૯/૨૦૨૫ ના રોજ બનેલો.

**૨૦.** આમ, ફરીયાદપક્ષના પુરાવા ઉપરથી એ પુરવાર થાય છે કે, બનાવ તા.૧૮/૯/૨૫ના રોજ બનેલો અને એ પણ પુરવાર થાય છે કે ભોગબનનારની જન્મ તા.૨૪/૮/૨૦૧૫ ની છે અને તેથી તે પુરવાર થાય છે કે, બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૦ વર્ષની હતી એટલે કે બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૨ વર્ષ કરતાં ઓછી હતી જેથી મુદ્દા નં.૧ નો જવાબ '' હકારમાં'' આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૨ થી ૫ :–</u>**

**૨૧.** મુદ્દા નં. ૨ થી ૫ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનું પુનરાવર્તન ટાળવા માટે આ ચારેય મુદ્દાની અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

**૨૨.** આરોપી સામે પોકસો એકટ અન્વયેના ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ હોય પુરાવા ની ચર્ચા કરતાં પહેલા પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

**કલમ – ૨૯. નિશ્ચિત ગુનાઓ માટે અનુમાન (Presumption as to certain offences).-**

જ્યારે કોઈ વ્યકિત સામે આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેનો કોઈપણ ગુનો કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાની કાનૂની કાર્યવાહી કરવામાં આવી હોય ત્યારે, વિશેષ અદાલત, કિસ્સાનુસાર, આવી વ્યકિતએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે એવું અનુમાન કરશે સિવાય કે તેનાથી વિરૂધ્ધનું પુરવાર કરવામાં આવે.

**કલમ – ૩૦. દોષીત માનસિક સ્થિતિ અંગે અનુમાન (Presumption of culpable mental state).-**

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટેની કોઈપણ કાનૂની કાર્યવાહી માટે આરોપીની દોષી માનસિક સ્થિતિ આવશ્યક હોય, ત્યાં વિશેષ અદાલત આવી માનસિક સ્થિતિ અસ્તિત્વમાં છે તેવું અનુમાન કરશે પરંતુ, આરોપીને પોતાના બચાવમાં એ હકીકત સાબિત કરવી પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તહોમત મૂકવામાં આવેલ ગુના કે જેની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેની સાથે કોઈ સંબંધ નથી.

(૨) આ કલમના ઉદ્દેશસર, હકીકત ત્યારે જ સાબિત થયેલી ગણાશે કે જયારે વિશેષ અદાલત તેનું અસ્તિત્વ વાજબી શંકાથી પર માને અને નહી કે તેનું અસ્તિત્વ સંભાવના ની પ્રબળતાના આધારે સ્થાપિત કરવામાં આવેલ હોય.

ખુલાસો : આ કલમમાં, ''દોષીત માનસિક સ્થિતિ''ની અંદર ઈરાદો, ઉદ્દેશ (Motive), હકીકતની જાણકારી અને હકીકતમાં વિશ્વાસ, અથવા હકીકતને માનવાને કારણ હતું તેનો સમાવેશ થાય છે.

**૨૩.** આમ, પોકસો એકટની કલમ –૨૯ની જોગવાઈ જોતાં કોઈ પણ વ્યકિત સામે પોકસો એકટની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેનો કોઈપણ ગુના માટેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવતી હોય ત્યારે આ કલમમાં જણાવ્યા મુજબનું અનુમાન અદાલતે કરવાનું રહે છે. તેમજ, પોકસો એકટની કલમ – ૩૦ની જોગવાઈ જોતાં કોઈ પણ વ્યકિત સામે પોકસો એકટ અન્વયેના કોઈપણ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવતી હોય ત્યારે તે વ્યકિત દોષી માનસિક સ્થિતિ ધરાવતો હતો તેવું અનુમાન અદાલતે કરવાનું રહે છે.

**૨૪.૧** પોકસો એકટની કલમ–૨૯ અને કલમ–૩૦ અન્વયે અદાલતને અનુમાન કરવાની જે જોગવાઈ કરેલી છે તે જોતાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતોના કેટલાક ચુકાદા ધ્યાને લેવા જરૂરી બની રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટે **''કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ'' (૧૯૭૩)(૨) એસસીસી ૮૦૮**ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન

છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે ત્યાર બાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનું ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનું હોય છે.

**૨૪.૨** નામદાર ગુજરાત હાઈકોર્ટએ **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ – ૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે.

**૨૪.૩** નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 38. The use of expression “unless the contrary is proved” appearing in section 29 makes it clear that the presumption raised

> under this section is rebuttable. A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution. In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદપક્ષ ઘ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદપક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

**૨૪.૪** નામદાર ગૌહાટી હાઈકોર્ટે તેમના **Crl. Appeal (J) 87/2017 Bhupen Kalita Vs State of Assam** ના ચુકાદામાં પોકસો એકટની કલમ–૨૯ના અનુમાન અંગે વિસ્તૃત ચર્ચા કરતાં નોંધેલ છે કે,

> 14. In view of the aforesaid provision for reverse burden cast upon an accused, the natural question which will arise, in such cases, is to what extent the prosecution will be required to prove the charge against the accused. Because of the reverse burden imposed upon an accused charged of certain offences mentioned in the Act, is the prosecution still obligated to prove the charge against the accused beyond all reasonable doubts or is the

charge to be proved on the basis of preponderance of probability or is the prosecution to make merely a prima facie case, since the wording of Section 29 is that once a person is prosecuted for any offence under Sections 3, 5, 7 and 9 of the Act, the Special Court shall presume that such person has committed the said offence unless the contrary is proved?

Accordingly, the Court has to examine the degree of the onus cast upon the prosecution to prove the case against an accused under this Act and the corresponding degree of onus on the part of the accused to discharge the reverse burden of proving his innocence.

15. The answer to this, however, is not as simple as it may appear to be, for the reason that the maxim that an accused shall be presumed to be innocent until proven guilty and the charge must be proved beyond reasonable doubt, is part of the classical legal legacy and now so deeply entrenched in the jurisprudence of societies governed by rule of law. In view of the above long held legal tradition, the burden on the part of the prosecution to prove the case against an accused under the Act and the corresponding burden of the accused to discharge the presumption placed upon him is to be examined.

X X X X

35. In the opinion of this Court, there would be a paradigm shift in the matter of burden of proof and the degree of proof because of the stringent provisions of the POCSO Act. Unlike other statutes, some of which have been already referred to above, Section 29 of the Act does not speak of proof of any foundational fact before the Court presumes that the accused is guilty of the offence. What Section 29 provides is that the presumption will come into operation, as soon as a person is prosecuted for committing or abetting or attempting to, any offence under Sections 3, 5, 7 and 9 of the Act. In other words, what is required before presumption operates under the Act is that, the person must be prosecuted.

X X X X

46. It is to be noted that neither the POCSO Act nor the CrPC defines as to the meaning of the words "prosecuted" and when a prosecution can be said to commence. Under the circumstances, as to when a person is prosecuted or when the prosecution commences has to be understood in the context of the Act and the provisions of the CrPC. As discussed above, it can be said that that a trial commences not from the date of filing of FIR or the charge-sheet or taking of cognizance by the court but from the stage of framing of charge. Prosecution can thus be said to com-

mence from that stage when the court starts applying its mind regarding the culpability of the accused, that is, when the proper judicial consideration of the guilt or otherwise of the accused begins.

X X X X

49. Presumption under Section 29 being a legal presumption. If the aforesaid literal interpretation is to be adopted, it will start operating the moment a person is prosecuted which is understood to commence with the framing of charges, without there being any recording of evidence, other than the records produced by the prosecution for the purpose of framing of charge. If it is held to be so, obviously, it will lead to serious prejudices against innocent persons who may be falsely implicated merely on the basis of the materials at the stage of framing of charge, and thus be saddled with the onerous burden of proving himself innocent. Neither common-sense nor law contemplates such a situation. Such a position would be untenable and impermissible in the light of the law discussed above and will also fall foul of the Constitution. The prosecution needs to do more than merely filing the charge-sheet which merely indicates prima facie case against the accused.

As such, this literal interpretation is to be eschewed. Yet, at the same time the language of the statute ought to be also given effect to, as the statute had been specifically enacted to deal with increasing and rising heinous crimes committed on helpless and vulnerable children. Thus, a more pragmatic and workable meaning has to be assigned to the provision of Section 29 of the Act.

50. It goes without saying that when a person is brought to trial, there must be cogent material evidences against him as gathered during the investigation, which would constitute a prima facie case against the accused, on the basis of which the charge is framed. However, merely because a prima facie case has been made out against the accused and the accused is charge-sheeted, it cannot be the basis for drawing a presumption of guilt against the accused as also held in Amit Kapoor (supra). There must be cogent and relevant materials and evidences of a high probability indicating commission of such crime by the accused so as to avoid any innocent person being hauled up in a criminal trial. At the same time, if during the trial the prosecution is able to prove the case against the accused beyond reasonable doubt, there would be no need to apply the principle of presumption against an accused as mentioned in Section 29 of the Act, in which event, Section 29 would become redundant, which is not contemplated under the Act.

Hence, for the purpose of POCSO Act, for the presumption to come into play, at the stage of filing of charge-sheet, a person cannot be said to be prosecuted. It is only after the cogent evidences have been adduced by the prosecution that the accused can be said to be prosecuted for the purpose of invoking the legal presumption under Section 29 of the Act. Presumption will start operating only on the conclusion of the recording of evidence of the prosecution when the prosecution is able to make out a highly probable case on the basis of preponderance of probability.

61. It may be noted that if the prosecution has to prove the charge against the accused beyond reasonable doubt in cases under the POCSO Act, there would not be any need to provide for the provision of presumption of guilt. This legal presumption of guilt has been incorporated by the Parliament in the statute considering difficulties faced by the investigating authorities sometimes in marshalling all the relevant evidences in order to nail the culprit where there is otherwise overwhelming inputs about the crime being perpetrated by the accused, but may fall short of some evidences to prove the case beyond reasonable doubt. The statutory presumption under Section 29 of the Act thus gives a cover to the prosecution for any lacuna or deficiency it may have. But for the presumption of guilt provided under Section 29 of the Act, the prosecution has to prove the foundational facts against an accused on the basis of proof beyond reasonable doubt. However, it must be also clarified that in a proceeding under POCSO Act, such lacuna or shortcoming which may be present in the prosecution case must not be of such a fundamental nature which goes to the root of the prosecution case. For, in such an event, because of lack of such important evidence or ingredient and existence of such fundamental lacuna, it may not be even possible to establish the charge on preponderance of probability and draw legal presumption of guilt against the accused. The legal presumption provided under Section 29 cannot be the panacea for all the loopholes of the prosecution. The lacunae or the loopholes, or the deficiency, therefore, must not be of a fundamental nature which renders any charge untenable.

66. Thus, by following the above well settled legal position, it would be correct to say that in a proceeding against an accused under the POCSO Act for committing or abetting or attempting to commit any offence under Sections 3, 5, 7 and 9 of the Act, it would suffice, if the accused is able to prove his innocence on the basis of preponderance of probability.

Yet, this principle is not absolute, in view of Section 30 of the Act, if it relates to proof relating to culpable mental state on the part of the accused, which the court may presume. The accused, if he has to prove the absence of culpable mental state has to

prove it beyond reasonable doubt and not based on preponderance of probability.

71. In the light of the discussions above, the following legal positions emerge in any proceeding under the POCSO Act.

(A) The prosecution has to prove the foundational facts of the offence charged against the accused, not based on proof beyond reasonable doubt, but on the basis of preponderance of probability.

(B) Accordingly, if the prosecution is not able to prove the foundational facts of the offence based on preponderance of probability, the presumption under Section 29 of the Act cannot be invoked against the accused.

(C) If the prosecution is successful in establishing the foundational facts and the presumption is raised against the accused, the accused can rebut the same either by discrediting the prosecution witnesses through cross-examination or by adducing his own evidence to demonstrate that the prosecution case is improbable based on the principle of preponderance of probability. However, if it relates to absence of culpable mental state, the accused has to prove the absence of such culpable mental state beyond reasonable doubt as provided under Section 30(2) of the Act.

(D) However, because of legal presumption against the accused, it may not suffice by merely trying to discredit the evidence of the prosecution through cross-examination, and the defence may be required to adduce evidence to dismantle the legal presumption against him and prove that he is not guilty. The accused would be expected to come forward with more positive evidence to establish his innocence to negate the presumption of guilt.

આમ, નામદાર ગૌહાટી હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ ફરીયાદ પક્ષે પાયાની હકીકતો સંભાવનાની પ્રબળતાના આધારે પુરવાર કરવાની રહે છે અને જો ફરીયાદ પક્ષ પાયાની હકીકતો સંભાવનાની પ્રબળતાના આધારે પુરવાર કરી ના શકે તો પોકસો એકટની કલમ – ૨૯ મુજબનું અનુમાન અમલમાં આવતું નથી અને જો ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરી શકે તો પોકસો એકટની કલમ – ૨૯ મુજબનું અનુમાન અમલમાં આવે છે અને આરોપી સંભાવનાની પ્રબળતાના સિધ્ધાંત આધારે ફરીયાદ પક્ષના સાહેદોની

ઉલટતપાસ કરી તેની જુબાનીને અવિશ્ર્વસનીય બનાવી અથવા આરોપી પક્ષ પુરાવો રજુ કરી ફરીયાદ પક્ષનો કેસ માનવા લાયક ના હોય તેવું બતાવી કલમ – ૨૯ મુજબના અનુમાનનું ખંડન કરી શકે છે. જયારે કલમ –૩૦ની જોગવાઈ મુજબ આરોપી દોષી માનસિકતા ધરાવતા ન હતાં તેવું વાજબી શંકા રહીતપણે પુરવાર કરી દોષી માનસિકતા અંગેના અનુમાનનું ખંડન કરી શકે છે. તેમ છતાં , કલમ – ૨૯ અન્વયેનું અનુમાન કાયદાનું અનુમાન હોય ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસ કરી તેની જુબાની ને અવિશ્ર્વસનીય બનાવવામાં આવે તેટલું પુરતું નથી પરંતું આરોપી પક્ષે કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી આ અનુમાનનું ખંડન કરી તે નિર્દોષ છે તે પુરવાર કરવાનું રહે છે.

**૨૪.૫.** નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra AIR 1964 SC 575** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> "12. …........The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words "unless the contrary is proved" which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."

નામદાર સર્વોચ્ચ અદાલતએ તેમના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે જયારે કાયદાની જોગવાઈમાં "unless the contrary is proved" શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહીં પરંતું પુરાવાથી જ થઈ શકે.

**૨૪.૬** નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમના **2019 (3) GLH 741 Laljibhai Kadabhai Algotar (Scheduled Caste) Versus State of Gujarat** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 7.5. Once the foundation of the prosecution case is laid by leading legally admissible evidence, it becomes incumbent on the accused to establish from the evidence on record that he has not committed the offence or to show from the circumstances of a particular case that a man of ordinary prudence would most probably draw an inference of innocence in his favour. The accused may achieve such an end by leading defence evidence or by discrediting prosecution witnesses through effective cross-examination or by exposing the patent absurdities or inherent infirmities in their version by an analysis of the special features of the case. However, the aforesaid statutory presumption cannot be read to mean that the prosecution version is to be treated as gospel truth in every case. The presumption does not take away the essential duty of the Court to analyze the evidence on record in the light of the special features of a particular case, e.g. patent absurdities or inherent infirmities in the prosecution version or existence of entrenched enmity between the accused and the victim giving rise to an irresistible inference of falsehood in the prosecution case while determining whether the accused has discharged his onus and established his innocence in the given facts of a case.

**૨૫.** આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, પોકસો એકટની કલમ–૨૯ મુજબનું અનુમાન ત્યારે જ અમલમાં આવે છે કે જયારે ફરીયાદ પક્ષ આરોપી સામેના તહોમતનામાની પાયાની હકીકતો પુરવાર કરે અને જો પાયાની હકીકતો તે રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહે તો પોકસો એકટની કલમ–૨૯ મુજબનું અનુમાન અમલમાં આવતું નથી. જો ફરીયાદપક્ષ પાયાની હકીકતો પુરવાર કરવામાં સફળ રહે તો તે અનુમાનનું ખંડન આરોપીપક્ષ સંભાવનાની પ્રબળતાના સિધ્ધાંતના આધારે કરી શકે છે. આ અનુમાનનું ખંડન કરવા

માટે રેકર્ડ ઉપર પુરાવો આવેલો હોવો જોઈએ એટલે કે આરોપીપક્ષ તરફથી માત્ર ખુલાસો કે સુચનો કરવામાં આવેલો હોય તો તે પુરતા નથી પરંતું રેકર્ડ ઉપર પુરાવો આવેલો હોવો જોઈએ. આરોપી એ રેકર્ડ ઉપરના પુરાવા પરથી એ બતાવવાનું રહે કે તે નિર્દોષ છે અથવા સામાન્ય બુધ્ધિવાળો વ્યકિત કેસના સંજોગો ઉપરથી એ અનુમાન કરી શકે કે આરોપી નિર્દોષ જણાય છે અને તે માટે આરોપીએ બચાવમાં પુરાવો રજુ કરવો જોઈએ અથવા તો ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસમાં એવો પુરાવો રેકર્ડ ઉપર લાવવો જોઈએ અથવા તો સાહેદોની જુબાનીમાં મૂળથી જ વિસંગતતા કે પહેલેથી જ ખામીઓ હોવાનું બતાવવાનું રહે છે.

**૨૬.૧** ફરીયાદપક્ષના સાહેદ, ભોગબનનારના કપડાં કબજે કર્યાના પંચનામાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના તથા આરોપીના કપડાં તથા મુદ્દામાલ ચપ્પુ તથા લાકડી કબજે કર્યાના પંચનામાના પંચ, મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9)ની જુબાની મુજબ તેમના તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારીનાઓએ તેમની તથા સમોલ હારૂન ફીરોઝની પંચ તરીકે ફાળવણી કરતો હુકમ કરેલો અને તા.૨૦/૯/૨૫ ના રોજ પોલીસ સ્ટેશનમાંથી ફોન આવતાં તેઓ બંને ગોધરા તાલુકા પો.સ્ટે. ગયેલા અને તે વખતે ભોગબનનારના કપડાં કબજે કરવાનું પંચનામું કરવાની સમજ આપેલી અને તે વખતે ભોગબનનારે એક ભુખરા રાખોડી વાદળી કલરનું ટોપ તથા લાલ કલરનો સલવાર તથા એક વાદળી ગુલાબી સફેદ તથા કાળા કલરની ઓઢણી રજૂ કરેલી તે પોલીસે કબજે લીધેલ. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનનાર ગુનાવાળી જગ્યા બતાવવા માંગતી હોય તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો તથા ભોગબનનાર અને ભોગબનનારના પિતા સરકારી તથા  ખાનગી વાહનમાં બેસી ગુનાવાળી જગ્યાએ જવા

નીકળેલા અને તેઓ ભોગબનનારના ઘરે ગયેલા અને ત્યાં ભોગબનનારના ઘરનું પંચનામું કરેલ હતું. ત્યારબાદ ભોગબનનાર ચાલતા ચાલતા ગઢ ગામે આવેલ જંગલ વિસ્તારમાં લઈ ગયેલ અને ત્યાં મંદિર પાસે એક પથ્થર જેવુ હતુ તે જગ્યા હતી તે જગ્યાની આજુબાજુમાં ઝાડી ઝાંખરા અને વિશાળ પથ્થરો હતા તે જગ્યાનું પંચનામું કરેલું. વધુમાં તેમની જુબાની મુજબ તા.૨૧ /૯/૨૫ ના રોજ પોલીસે તેમને બોલાવતા તેઓ ગોધરા તાલુકા પો.સ્ટે. ગયેલા અને તે વખતે આરોપીના કપડા કબજે કરવાનું પંચનામું કરવાની સમજ આપેલી તે વખતે ત્યાં હાજર ઈસમ બોડા ઉર્ફે અજયસિંહ રે.વાવડીબુઝર્ગ નાઓએ એક આછા કાળા સફેદ કલરનો શર્ટ તથા આછા કાળા કલરનું જીન્સનું પેન્ટ રજુ કરેલું તે પોલીસે કબજે લઈ પંચનામું કરેલું. વધુમાં તેમની જુબાની મુજબ તા.૨૩/૯/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને ફોન કરી બોલાવતા તેઓ ગોધરા તાલુકા પો.સ્ટે. ગયેલા અને તે વખતે આરોપી ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય તેઓ તથા આરોપી તથા પોલીસ સ્ટાફના માણસો સરકારી વાહનમાં બેસી ગુનાવાળી જગ્યાએ જવા નીકળેલા. ત્યારબાદ આરોપી તેઓને ભોગબનનારના ઘરે લઈ ગયેલ તે વખતે ભોગબનઢ નારના દાદીએ એક આસમાની ગ્રીન કલરનો રેડમી કંપનીનો મોબાઈલ ફોન રજુ કરતા પોલીસે કબજે લઈ સીલ કરેલ. ત્યારબાદ આરોપીના બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ ચાલતા ચાલતા ગયેલા અને ભોગબનનારે જે જગ્યા બતાવી તે જ જગ્યા આરોપીએ બતાવેલી. વધુમાં તેમની જુબાની મુજબ તે વખતે આરોપીએ ચપ્પુ અને લાકડી ત્યાં સંતાડેલી હોવાનું જણાવેલ અને તેને ઝાડી ઝાંખરામાંથી ચપ્પુ આપેલુ તથા એક મોટા પથ્થર નીચેથી લાકડી કાઢીને આપેલી જે પોલીસે કબજે લીધેલી. તેમની જુબાનીમાં આંક–૧૦થી ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ, આંક–૧૪થી ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૫થી આરોપીના

કપડાં કબજે કર્યાનું પંચનામું, આંક–૨૧થી આરોપીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ કરેલ છે. આ પંચનામાઓથી આ સાહેદની આ જુબાની ને સમર્થન મળે છે.

**૨૬.૨** પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9)ની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તાલુકા શિક્ષણાધિકારીએ તેમને પત્ર આપ્યો હોય અને તે મળ્યા બદલ સહી કરેલ હોય તેવું બનેલ ન હોવાનું કબુલ રાખે છે પરંતુ, સાથે સાથે તે ખુલાસો કરતા જણાવે છે કે, તેમને વોટ્સએપ મેસેજ મળેલ હતો. આમ, આ સાહેદની આરોપીપક્ષેની આ ઉલટતપાસ જોતાં આ સાહેદને પંચ તરીકે રહેવા શિક્ષણાધિકારીએ હુકમ કરેલ હોવાની હકીકત શંકાસ્પદ બનતી નથી. વધુમાં, તપાસ કરનાર અમલદારની જુબાનીમાં આંક–૭૩થી આ હુકમની નકલ રજુ થયેલી છે. જેથી આ પંચસાહેદ ને પંચ તરીકે રહેવા માટે હુકમ કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. જેથી આ પંચસાહેદને પંચમાં રહેવાના હુકમની નકલ પહોંચાડી તે બદલ તેમની સહી લીધેલ ન હોવા માત્રથી તેમને પંચ તરીકેની ફાળવણી કરવામાં આવેલ હોવાની હકીકત શંકાસ્પદ બનતી નથી અને તેથી આરોપી પક્ષે કરવામાં આવેલી દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૬.૩** પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9)ની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો ગોધરાથી ફરીયાદીના ગામે જતા અડધો કલાક જેટલો સમય લાગેલ હોવાનું અને ગુનાવાળી જગ્યાએ જતા દોઢ કલાક જેટલો સમય લાગેલો તેવી હકીકત તેમની જુબાનીમાં નીકળી આવે છે. પંચ સાહેદે જણાવેલ આ સમય ભોગ બનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાના પંચનામા તથા આરોપીએ બતાવેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને શંકાસ્પદ બનાવતો નથી. કારણ

કે, ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલી તેમાં વધુ સમય પસાર થયેલ છે જયારે આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવી તેમાં ઓછો સમય પસાર થયેલ છે પરંતું ભોગબનનાર નાની ઉંમરના હોય જગ્યા બતાવવામાં વધુ સમય લઈ શકેલા હોય અને આરોપી પુખ્ત ઉંમરના હોય રસ્તો અને જગ્યા સારી રીતે જાણતા હોય ત્યારે તેમને ઓછો સમય લીધેલ હોઈ શકે અને તેથી બંને પંચનામામાં અલગ સમયગાળો હોવા માત્રથી આ પંચનામાઓની કાર્યવાહી શંકાસ્પદ બનતી નથી અને તેથી આરોપી પક્ષે કરવામાં આવેલી દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૬.૪** પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9)ની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમને ભોગબનનારનું કે તેણીની માતાનું ઓળખકાર્ડ જોયેલ ના હોવાનું કબુલ રાખે છે પરંતું જયારે આ સાહેદ ભોગબનનારના કપડા ઓળખી બતાવે છે અને ભોગબનનાર કોર્ટ રૂબરૂ તે તેના કપડા હોવાનું કબુલ રાખે છે ત્યારે ભોગબનનારે જ આ કપડા રજુ કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે અને તેથી આ સાહેદે ભોગબનનારનું ઓળખકાર્ડ જોયેલ ના હોવાથી ભોગબનનારે કપડા રજુ કરેલ હોવાની કે ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલી હોવાની હકીકત શંકાસ્પદ બની જતી નથી.

**૨૬.૫** પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9)ની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત નીકળી આવેલી છે કે ભોગબનનારના ઘરની આજુબાજુમાં બીજા ઘરો આવેલા છે અને ફરીયાદીના ઘરેથી બુમ પાડવામાં આવે તો તેની આજુબાજુ આવેલા ઘરોમાં સાંભળી શકાય અને તેમના ઘર આગળ મોટર સાઈકલ લઈને જઈએ તો તેનો અવાજ આજુબાજુના ઘરે સાંભળી શકાય તેમજ ફરીયાદીના ઘર

આગળ મોટર સાઈકલ લઈને જવુ હોય અને ત્યાંથી ગુનાવાળી જગ્યાએ જવું હોય તો મોટર સાઈકલની ગતિ મર્યાદીત હોય. વધુમાં ગુનાવાળી જગ્યાએથી ૫૦૦ મીટર દૂર મંદિર આવેલુ હતું અને ત્યાં લાઈટની સુવિધા હતી. આ સાહેદની ઉલટતપાસમાં નીકળી આવેલી આ હકીકતો તેમની જુબાનીને શંકાસ્પદ બનાવતી નથી.

**૨૭.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અધિકારી, પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70)ની જુબાની મુજબ સરકારી પંચો મેળવી ભોગ બનનારે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતાં તે પંચોની હાજરીમાં કબજે લઈ પંચનામું કરેલું તથા ભોગબનનાર ગુનાવાળી જગ્યા બતાવતાં હોય એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર હાજર રાખી પંચોની હાજરીમાં તે જગ્યાનું પંચનામું કરેલુ તેમજ આરોપીએ પંચોની હાજરીમાં કપડા રજુ કરતાં તે કબજે લીધેલ. તેમજ આરોપીએ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યા બતાવતાં તે જગ્યાનું પંચનામું કરેલું અને ભોગબનનારના દાદીએ આરોપીનો રેડમી કંપનીનો આસમાની બ્લ્યુ કલરનો મોબાઈલ ફોન રજુ કરતાં તે કબજે લીધેલ તથા આરોપીએ ચપ્પુ તથા લાકડી પથ્થર નીચેથી કાઢી રજુ કરતાં તે કબજે લીધેલી અને તેનું પંચનામું કરેલું. વધુમાં તેમની જુબાની મુજબ આરોપીના મોબાઈલ નંબરની કોલ ડીટેઈલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ હતી. તેમની જુબાનીમાં આંક-૯૦થી આરોપીના મોબાઈલના કોલ ડીટેઈલ મેળવવા નોડલ ઓફીસરને કરેલી યાદી તથા આંક-૯૧થી આરોપીના મોબાઈલની કોલ ડીટેઈલ રજુ કરેલ છે.

**૨૮.** ભોગબનનાર (PW-2, Exh-26)ની જુબાની મુજબ તેણી એ પોલીસને વાદળી કલરનું ઝભલુ, લાલ કલરની લેંઘી અને વાદળી કલરની ઓઢણી આપેલ. આમ, આ ભોગબનનારની જુબાનીને પંચ સાહેદ તથા

તપાસ કરનાર અમલદારની જુબાનીથી પણ સમર્થન મળે છે.

**૨૯.** આમ, પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9)ની સમગ્ર જુબાની તથા તપાસ અધિકારી, પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70)ની જુબાની જોતાં તેમની જુબાનીથી ગુનાવાળી જગ્યાનું, આરોપી તથા ભોગબનનારના કપડાં કબજે કર્યાનું તથા આરોપીનો મોબાઈલ તથા મુદ્દામાલ ચપ્પુ તથા લાકડી કબજે કર્યાનું પંચનામું કરવામાં આવેલાની હકીકત અને આંક–૧૦, ૧૪, ૧૫ તથા ૨૧ ના પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

**૩૦.** આંક–૨૧નું પંચનામું જોવામાં આવે તો પોલીસ આરોપી ને લઈને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા માટે ભોગબનનારના ઘરે લઈ ગયેલ તે વખતે ભોગબનનારના દાદીએ રેડમીનો ફોન રજુ કરેલો જેનો આઈ.એમ.ઈ.આઈ. નંબર. ૮૬૯૪૪૦૭૪૬૫૦૦૬૦ અને ૮૬૯૪ ૪૦૭૪૬૫૦૦૭૮ નો હોવાનું જણાય છે.

**૩૧.** ભોગબનનારના દાદી (PW-5, Exh-32)ની જુબાની મુજબ બનાવના બીજા દિવસ સવારે બોડાનો મોબાઈલ મળેલો તે પોલીસને આપેલો. આમ, આ ભોગબનનારના દાદીની જુબાનીથી પણ પંચ સાહેદ અને તપાસ કરનાર અમલદારની જુબાનીને સમર્થન મળે છે. આમ, બનાવના બીજા દિવસે તેમના ઘર આગળથી જે મોબાઈલ મળેલ તે તેમને પોલીસને આપેલ હોવાનું પુરવાર થાય છે.

**૩૨.** ફરીયાદ પક્ષના સાહેદ નિશાર મહંમદ છોટા (PW-6, Exh-33) ની જુબાની મુજબ પોલન બજાર, ગોધરા ખાતે તેમની આદીલ મોબાઈલ નામની દુકાન આવેલી છે અને તે મોબાઈલ અને એસેસરીઝના વેચાણનો વેપાર કરે છે અને તેમને બોડાભાઈ અનોપસિંહ નાયકાને એમ.આઈ. કંપનીનો

રેડમી ૧૪ સી નો મોબાઈલ વેચાણ આપેલો જે મોબાઈલના આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૯૪૪૪૦૭૪૬૫૦૦૬૦ અને આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૯૪૪૪૦૭૪૬૫૦૦૭૮નો હતો. આ સાહેદની જુબાનીમાં આંક–૩૪થી મોબાઈલ વેચાણનું બીલ રજુ થયેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે તે ગ્રાહકના આધારકાર્ડની નકલ લેતા નથી તેમજ કબુલ રાખે છે કે બીલ પોલીસ લઈને આવેલી અને પોલીસે બીલ ઉપર સહી કરાવેલી. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો આરોપીએ તેમની દુકાનેથી ઉપરોકત મોબાઈલની ખરીદી કરેલી નથી તેવી કોઈ તકરાર આરોપી પક્ષે લેવામાં આવેલી નથી ત્યારે અને આ બીલથી તેમને આવો કોઈ મોબાઈલ વેચાણ કરેલ નથી તેવી કોઈ તકરાર રહેલી નથી ત્યારે અને આ બીલ પાછળથી ઉપજાવી કાઢવામાં આવેલ છે તેવી કોઈ તકરાર રહેલી નથી ત્યારે આ બીલમાં પાછળથી તેમની સહી લેવામાં આવેલી હોવા માત્રથી આરોપીએ આ સાહેદની દુકાનેથી મોબાઈલ ખરીદ કરેલ ના હોવાનું કહી શકાય નહીં. આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોતાં આરોપીએ એમ.આઈ. કંપનીનો રેડમી ૧૪ સી નો આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૯૪૪૪૦૭૪૬૫૦૦૬૦ અને આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૯૪૪૪૦૭૪૬૫૦૦૭૮નો મોબાઈલ વેચાણ લીધેલ હોવાનું પુરવાર થાય છે.

**33.** આમ, પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-9), તપાસ કરનાર અધિકારી પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70), ભોગબનનારના દાદી (PW-5, Exh-32) તથા સાહેદ નિશાર મહંમદ છોટા (PW-6, Exh-33)ની જુબાની તેમજ આંક–૨૧નું પંચનામું વંચાણે લેવામાં આવે તો એ હકીકત પુરવાર થાય છે કે, ભોગબનનારના ઘર આગળ

જે મોબાઈલ ફોન મળી આવેલ હતો તે આરોપીની માલીકીનો હતો. વધુમાં, આરોપીના મોબાઈલના કોલ ડીટેઈલ મેળવવા કરેલી યાદી જોવામાં આવે તો આરોપીના મોબાઈલ ઉપરથી તા.૧૮/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ દરમિયાન થયેલ કોલ ડીટેઈલની માહીતી માંગવામાં આવેલી હોવાનું જણાય છે અને આંક–૯૧થી રજુ આરોપીના મોબાઈલની કોલ ડીટેઈલ જોવામાં આવે તો મોબાઈલ નં. ૮૭૮૯૨૧૨૫૪૧નું સીમ કાર્ડ આરોપીના નામે ઈશ્યુ થયેલ હોવાનું જણાય છે અને તેમાં તા.૧૮/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ દરમિયાન થયેલ કોલ ડીટેઈલનો ડેટા જનરેટ કરવામાં આવેલ હોવાનું જણાય છે અને તે ડેટા જોતાં તા.૧૯/૦૯/૨૦૨૫ના રાત્રીના કલાક ૧૨:૪૮:૨૨ વાગ્યે છેલ્લો ફોન થયેલ હોવાનું જણાય છે અને તે પછી કોઈ ફોન થયેલાનો રેકર્ડ નથી. આ હકીકત ધ્યાને લેતાં તા.૧૯/૦૯/૨૦૨૫ના રાત્રીના કલાક ૧૨:૪૮:૨૨ વાગ્યા પછી કોઈ ફોન થયેલ ના હોવાનું જણાય છે અને તેથી તા.૧૯/૦૯/૨૦૨૫ પછી આ ફોન આરોપી પાસે ના હોવાનું જણાય છે અને તેથી  તા.૧૯/૦૯/૨૦૨૫ ની સવારે આ ફોન ભોગબનનારની દાદીને તેમના ઘર આગળથી મળેલ હોવાની ભોગબનનારની દાદીની જુબાનીને સમર્થન કરે છે. આમ, આરોપીનો ફોન ભોગબનનારના ઘર આગળથી તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ મળી આવેલ હોય તા.૧૮–૧૯/૦૯/૨૦૨૫ની મધ્ય રાત્રીએ આરોપીની હાજરી ભોગબનનારના ઘરે હોવાનું જણાય છે.

**૩૪.** ફરીયાદપક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. પરસોત્તમ ગણેશભાઈ રાઠોડ (PW-10, Exh-52)ની જુબાની મુજબ ભોગબનનારને તેમની પાસે પોલીસ યાદી સાથે ગાયનેક તપાસ માટે લાવેલા અને ભોગબનનારને ગાયનેક તપાસ માટે ગાયનેક વિભાગમાં દાખલ કરવામાં આવેલા અને તેણીની ગાયનેક

તપાસ ડો.આકાંક્ષા વૈદ્ય દ્વારા કરવામાં આવેલ અને ગાયનેક રીપોર્ટ તથા લેબ રીપોર્ટ તથા નમુના તેમની તરફ મોકલી આપેલા હતા. જે નમુના તેમણે સીલ કરી લેબલ કરી એફ.એસ.એલ તપાસ માટે પોલીસને સુપ્રત કરેલા હતા. તેમની જુબાનીમાં આંક–પ૪થી ભોગબનનારનું એમ.એલ.સી. તથા આંક–પપથી નમુના સોંપ્યાની યાદી રજુ કરેલ છે. તેમની આ જુબાનીને આ દસ્તાવેજોથી સમર્થન મળે છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેમની ઉપરોકત જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં જણાઈ આવે છે કે, ભોગબનનારને ગાયનેક તપાસ માટે લાવેલા ત્યારે તેમને ભોગબનનારને ગાયનેક વોર્ડમાં દાખલ કરેલા અને ભોગબનનારના શરીર ઉપરથી લીધેલા નમુના સીલ કરી તેમને પોલીસને સુપ્રત કરેલા.

**૩૫.** ફરીયાદપક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની જુબાની મુજબ ભોગબનનારના શરીર ઉપરથી નખ, વજાઈનલ સ્વેબ તથા લોહીના નમુના લીધેલા જે પૈકી ગુપ્તભાગના વાળ, નખ તથા લોહીના નમુના મેડીકલ ઓફીસરને એફ.એસ.એલ તપાસ અર્થે મોકલી આપેલ હતા.

**૩૬.** ફરીયાદપક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.પરીમલ ભરતકુમાર જણસારી (PW-9, Exh-46) ની જુબાની મુજબ તા. ૯/૬/૨૫ ના રોજ આરોપી બોડા ઉર્ફે અજય અનોપસિંહ નાયકાને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલા તે વખતે સર્જીકલ વિભાગ માંથી આરોપીના શરીરેથી વાળ, નખ, વીર્ય, લાળ, લોહીના નમુના લઈ એફ.એસ.એલ તપાસણી માટે પોલીસને યાદી સાથે સુપ્રત કરેલ. આમ, આ સાહેદની જુબાની મુજબ આરોપીના શરીર ઉપરથી નમુના લીધેલા અને તે તેઓએ એફ.એસ.એલ.

તપાસ માટે મોકલી આપેલા. આ સાહેદની જુબાનીમાં આંક–૪૭થી પોલીસ યાદી, આંક–૪૮થી આરોપીની સર્જન ડોકટરે કરેલી તપાસના કાગળો, આંક–૪૯થી મનોચીકીત્સક ડોકટરે કરેલ તપાસના કાગળો, આંક–૫૦થી લેબ રીપોર્ટ અને આંક–૫૧થી એમ. એલ. સી. રજુ કરેલ છે. આ સાહેદની આ જુબાનીને આ દસ્તાવેજોથી સમર્થન મળે છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમની ઉપરોકત જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આમ, આ સાહેદની જુબાની થી એ પુરવાર થાય છે કે આરોપીના શરીર ઉપરથી લેવામાં આવેલ નમુના તેમને સીલ કરી પોલીસને સુપ્રત કરેલા હતાં.

**૩૭.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અધિકારી, પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70) ની જુબાની મુજબ આરોપી તથા ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ નમુના તથા કબજે લીધેલ મુદ્દામાલ કપડાનું એફ.એસ.એલ પરીક્ષણ કરાવવા સારુ રવાનગી નોંધ તૈયાર કરી નમુના મોકલી આપેલા, એફ.એસ.એલ વડોદરાને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ મોકલી આપતા તપાસના કામે સામેલ રાખેલ અને એફ.એસ.એલનો રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ. તેમની જુબાનીમાં આંક–૮૪થી રવાનગી નોંધ, આંક–૮૬થી મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ, આંક–૯૬થી એફ.એસ.એલ. વડોદરાનો પત્ર અને આંક–૯૭થી બાયોલોજી અને સીરોલોજીકલ રીપોર્ટ રજુ કરેલ છે. તેમની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમની આ જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી જેથી તેમની આ જુબાની ના માનવાને કોઈ કારણ નથી.

**૩૭.** આમ, પંચ સાહેદ મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-1, Exh-

9), ભોગબનનાર (PW-2, Exh-26) તથા તપાસ કરનાર અધિકારી પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70)ની જુબાની તથા આંક–૧૦નું પંચનામું જોવામાં આવે તો ભોગબનનારે બનાવ વખતે પહેરેલા કપડા તેણીએ રજુ કરેલા તે પોલીસે કબજે લીધેલા હોવાનું જણાય છે. તેમજ, મેડીકલ ઓફીસર, ડો. પરસોત્તમ ગણેશભાઈ રાઠોડ (PW-10, Exh-52), ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60) તથા તપાસ કરનાર અધિકારી પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70)ની જુબાની જોતાં આરોપી અને ભોગબનનારના શરીર ઉપરથી નમુના લીધેલા હોવાનું અને તે નમુના એફ.એસ.એલ. તપાસ અર્થે વડોદરા મોકલી આપેલ હોવાનું જણાઈ આવે છે. આરોપી અને ભોગબનનારના કબજે લીધેલ કપડા અને તેઓના શરીર ઉપરથી લીધેલા નમુનાનું એફ.એસ.એલ. પરીક્ષણનો રીપોર્ટ આંક–૯૭થી રજુ થયેલ છે અને આ રીપોર્ટ જોતાં ભોગબનનારના સલવાર ઉપર લોહીની હાજરી મળી આવેલ છે તેમજ ભોગબનનારના વજાઈનલ સ્વેબમાં પણ લોહીની હાજરી માળી આવેલ છે અને તે બંનેનું લોહીનું ગ્રૃપ ભોગબનનારના લોહીનું ગ્રૃપ હોવાનું જણાય છે જેથી આ લોહી ભોગબનનારનું હોવાનું માનવાને કારણ રહેલ છે અને તેથી ભોગબનનારના સલવાર ઉપર અને ભોગબનનારના વજાઈનલ સ્વેબમાં ભોગબનનારનું લોહી મળી આવેલ હોવાનું પુરવાર થાય છે.

**૩૮.૧** ફરીયાદપક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની જુબાની મુજબ તા.૨૦/૯/૨૫ ના રોજ તે સીવીલ હોસ્પીટલ, ગોધરા ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ ઉપર હાજર હતા તે વખતે રાત્રીના ૧–૨૦ કલાકે ભોગબનનારને ગાયનેક તપાસ માટે લાવેલા ત્યારે ભોગબનનારની શારીરીક તપાસ કરતા તેણીના થાપાના ભાગે ઉઝરડાના નીશાન હતા તથા ડાબા ગાલ ઉપર બચકુ ભર્યાના નિશાન

હતા. ગુપ્તભાગે તપાસ કરતા લીબીયા મેજોરા અને લીબીયા માયનોરાના ભાગે સોજો અને લાલશ જોવા મળેલી અને થોડું લોહી નીકળેલુ હતું, યોનીપટલ ફાટેલુ હતુ. તેમના અભીપ્રાય મુજબ ભોગબનનાર સાથે બળ જબરીપૂર્વક શારીરીક સંભોગ થયેલ હોવાનું જણાતું હતું. વધુમાં તેમની જુબાની જોતાં તેમના અભિપ્રાય મુજબ ભોગબનનારની સાથે બળજબરીપુર્વક શારીરીક સંભોગ કરવામાં આવે તો ભોગબનનારના ગુપ્ત ભાગે થયેલ ઈજા પ્રકારની ઈજા થઈ શકે અને જો બચકુ ભરવામાં આવે તો ભોગબનનારના ગાલ ઉપર થયેલી ઈજા જેવી ઈજા થાય. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનઢ નારને થયેલી ઈજાઓ તાજી હતી. તેમની જુબાનીમાં આંક–૬૧થી લેબ રીપોર્ટ, આંક–૬૨થી ગાયનેક તપાસનો રીપોર્ટ રજુ કરેલ છે. આ સાહેદની આ જુબાનીને આંક–૬૧ અને ૬૨ના દસ્તાવેજોથી સમર્થન મળે છે.

**૩૮.૨** ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, તેમના રીપોર્ટમાં ભોગબનનાર કૌમાર્ય (વર્જીન) હતી તેવી નોંધ કરેલ છે પરંતું આ સાહેદે ખુલાસો કરતા જણાવેલ છે કે ભોગબનનારનું યોનીપટલ તાજુ તુટેલું હતું અને આ બનાવ પહેલા તે કૌમાર્ય હતી. આમ, ડોકટરે તૈયાર કરેલ રીપોર્ટમાં યોનીપટલ તુટેલું હોવાની નોંધ કરેલી છે અને તેથી ડોકટર સાહેદે તેમની જુબાનીમાં કરેલ ખુલાસો જોતાં ભોગબનનાર બનાવ પહેલા કૌમાર્ય હતી તેની નોંધ રીપોર્ટમાં કરેલ હોવાનું જણાય છે. આમ, જયારે ડોકટર સાહેદે ગાયનેક તપાસના રીપોર્ટમાં યોનીપટલ તુટેલ હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોય ત્યારે ભોગબનનાર કૌમાર્ય હોવાની નોંધ માત્રથી ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયેલ હોવાની હકીકત શંકાસ્પદ બનતી નથી. આ સંજોગોમાં ભોગબનનાર સાથે શરીરસંભોગ થયાની હકીકત શંકાસ્પદ બનતી હોવાની

આરોપી પક્ષની દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૩૮.૩** ફરીયાદપક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, ભોગબનનારના ગાલ ઉપર થયેલ ઈજાનો રંગ તેમને લખેલ નથી અને ઈજા કેટલા સમય પહેલાની હતી તે લખેલ નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં ઈજા કેટલી જુની હતી તે બાબતે કોઈ નોંધ તેમના એમ.એલ.સી.માં તેમને કરેલ ના હોવાનું તે કબુલ રાખે છે પરંતું આ ગાયનેક તપાસનું ફોર્મ તૈયાર આવતું હોય અને તેમાં જે વિગત ભરવા માટે જગ્યા રાખવામાં આવેલી હોય તે મુજબની વિગત ભરવાની થતી હોય છે અને આ ફોર્મમાં આ ઈજાઓ કેટલી જુની હતી તે અંગેની વિગત ભરવા માટેનું કોલમ ના હોય તેમાં ઈજાનો સમયગાળો જણાવેલ ના હોવા માત્રથી આ ઈજાઓ તાજી હતી તેવી તેમની જુબાનીને શંકાસ્પદ ગણી શકાય નહીં. જેથી, આ ઈજાના આધારે એમ માની લઈ શકાય નહી કે આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંભોગ કરેલો અને તેના કારણે ભોગબનનારને ઈજા થયેલી હતી તેવી આરોપી પક્ષે કરવામાં આવેલી દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૩૮.૪** આમ, ફરીયાદપક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની સમગ્ર જુબાની જોતાં તેમની જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત તેમની ઉલટતપાસમાં નીકળી આવેલ નથી. આમ, આ સાહેદની જુબાનીથી એ પુરવાર થાય છે કે, ભોગબનનારના થાપાના ભાગે ઈજા થયેલી હતી તથા ડાબા ગાલ ઉપર બચકુ ભર્યાના નિશાન હતું તથા લીબીયા મેજોરા અને લીબીયા માયનોરાના ભાગે સોજો અને લાલશ હતી અને લોહી નીકળેલુ હતું અને ભોગબનનારનું યોનીપટલ તાજુ તુટેલું હતું.

**૩૯.૧** ભોગબનનારના પિતા (PW-3,Exh-29)ની જુબાની મુજબ તા.૧૮/૦૯/૨૦૨૫ના રોજ તે અને તેમની પત્ની તથા બે બાળકો રાધનપુર મુકામે મજુરી કામે ગયેલા હતા અને તેમની માતા તથા ભોગબનનાર અને ભોગબનનારની બહેન તેમના ગામે આવેલ તેમના ઘરે હતા અને તે દિવસે રાત્રે તેમના માતાએ તેમના કાકાના છોકરાના મોબાઈલ ઉપરથી ફોન કરી જણાવેલ કે બોડો લાકડી લઈને આવેલો અને તેણીને હાથે અને બરડાના ભાગે મારી ભોગબનનારે ઉપાડી લઈ ગયેલ છે જેથી તે સવારે ત્યાંથી નીકળી તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ સાંજે સાત વાગે ઘરે આવેલા અને ભોગબનનારને પુછતાં ભોગબનનારે જણાવેલ કે બોડો તેણીને લઈને ગઢ ચુંદડી ડુંગર પાસે લઈ ગયેલ અને તેનો પેશાબનો ભાગ તેણીના પેશાબના ભાગે નાંખેલો અને તેણીને લોહી નીકળેલ હોય દવાખાને લઈ જવા કહેલ અને તેણીના મમ્મી–પપ્પાને કહીશ તો ચપ્પુ મારી મારી નાંખવાની ધમકી આપેલી. ત્યારબાદ તેમને પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી અને ત્યારબાદ પોલીસે ભોગબનનારની મેડીકલ તપાસ કરાવેલી. તેમની જુબાનીમાં આંક–૩૦થી ફરીયાદ રજુ કરેલી છે.

**૩૯.૨** ભોગબનનારના પિતા (PW-3, Exh-29)ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તે કબુલ રાખે છે કે બનાવના દિવસે તે ઘરે ન હતા અને તેમને બનાવ નજરે જોયેલ નથી અને તેમની માતાએ તેમના કાકાના છોકરાના મોબાઈલ ઉપરથી ફોન કરી જાણ કરેલી. આમ, આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી તેથી બનાવની હકીકતો પુરવાર કરવા માટે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. પરંતું, તેમની જુબાનીમાં બનાવની સાથે સંકળાયેલી હકીકતો રેકર્ડ ઉપર આવે છે જેમ કે, તેમના કાકઢ ાના છોકરાના મોબાઈલ ઉપરથી ભોગબનનારના દાદીએ તેમને ફોન કરેલો

અને બીજા દિવસે તેઓ ઘરે આવેલા અને પોલીસ સ્ટેશન જઈ ફરીયાદ આપેલી અને પોલીસે ભોગબનનારની મેડીકલ તપાસ કરાવેલી. આ સાહેદની જુબાનીને અન્ય સાહેદોની જુબાનીથી સમર્થન મળે છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો તેમની જુબાનીમાં નીકળી આવે છે અને તેમની સમગ્ર જુબાનીમાં એવી કોઈ હકીકત નીકળી આવતી નથી કે જે ફરીયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે.

**૩૯.૩** ભોગબનનારના પિતા (PW-3, Exh-29)ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમને ફરીયાદમાં એવી હકીકત લખાવેલી નથી કે, ''સવારે ભોગબનનાર ઘરે ાવી ત્યાર`તે પાછો ઘરે આવેલો અને મારી બૈરીને લેવા આવેલ છું તેવુ કહી ગાડી લઈને નીકળી ગયેલ'' તેમજ તેમણે  એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમને ફરીયાદમાં એવી હકીકત લખાવેલી નથી કે, ''તેના પેશાબનો ભાગ તેણીના પેશાબના ભાગે નાંખેલો અને મને લોહી નીકળેલ છે.'' પંરતું, આ બનાવની ફરીયાદ લેનાર સાહેદ નરવતસિંહ પ્રતાપભાઈ સેલોત (PW-14, Exh-67) ની જુબાની જોવામાં આવે તો તેમને તેમની જુબાનીમાં એ કબુલ રાખેલ છે કે ફરીયાદીએ આવી કોઈ હકીકત ફરીયાદમાં લખાવેલી નથી. આમ, આ ભોગબનારની જુબાનીમાં કેટલોક વિરોધાભાષ રેકર્ડ હોવાનું પુરવાર થાય છે પરંતું આ વિરોધાભાષમાં જે હકીકતો છે તે હકીકતોના તેઓ નજરે જોનાર સાહેદ નથી અને તેથી તેમની જુબાનીમાં નીકળી આવેલ આ વિરોધાભાષ મહત્વનો નથી.

**૪૦.** ભોગબનનારની માતા (PW-4, Exh-31)ની જુબાની મુજબ બનાવ વખતે ભોગબનનાર અને તેમની બે છોકરીઓ તેમના સાસુ સાથે તેમના ગામે તેમના ઘરે રહેતા હતા અને તે તથા તેમના પતિ અને બે બાળકો રાધનપુર

મુકામે હતાં. બનાવ ચારેક મહીના પહેલા તા.૧૮/૦૯ (આ સાહેદની જુબાનીની તારીખ જોતાં આ બનાવ તા.૧૮/૦૯/૨૦૨૫)ના રોજ રાત્રીના બે વાગે બનેલો. તેમના સાસુએ તેમના જેઠના મોબાઈલ ઉપરથી તેમના પતિને ફોન કરી જણાવેલ કે, રાત્રે બોડો આવેલો અને ભોગબનનારને ઉપાડતો હતો ત્યારે તેમના સાસુ જાગી જતા છોકરીને કયાં લઈ જાય છે તેમ કહેતા બોડાએ તેમના સાસુને લાકડી મારી ભોગબનનારને ગઢચુંદડીના જંગલ તરફ લઈ ગયેલ. વધુમાં તેમની જુબાની મુજબ તેમના પતિએ આજુબાજુના ઘરના માણસોને ફોન કરી ભોગબનનારને શોધવા માટે જણાવેલ અને ત્યારબાદ તેઓ ગાડી કરીને ઘરે આવવા નીકળેલા અને સાંજે સાતેક વાગે ઘરે પહોંચેલા. વધુમાં તેમની જુબાની મુજબ ઘરે આવી તેમણે ભોગ બનનારે પુછતાં જણાવેલ કે ભોગબનનારને બોડો ગઢચુંદડીના જંગલમાં લઈ ગયેલો અને તેની ઉપર ત્રણ વખત ચઢેલો અને ભોગબનનારને ધમકી આપેલી કે કોઈને કહીશ તો માતા–પિતાને મારી નાંખીશ અને ભોગબનનારે દુ:ખાવો થતો હોવાનું જણાવતાં તેણીને લઈને પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાં તેમના પતિએ ફરીયાદ આપેલી, ત્યારબાદ પોલીસ ભોગબનનારને ગોધરા સીવીલ હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલી. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, બનાવ વખતે તે ઘરે હાજર ન હતી તેથી તેણીએ બનાવ નજરે જોયેલ નથી અને તેમના પતિ ઉપર ફોન આવતાં બનાવની જાણ થયેલી. આમ, આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી તેથી બનાવની હકીકતો પુરવાર કરવા માટે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. પરંતું, તેમની જુબાનીમાં બનાવની સાથે સંકળાયેલી હકીકતો રેકર્ડ ઉપર આવે છે જેમ કે, તેમના જેઠના ફોન ઉપરથી તેમના સાસુએ તેમના પતિને ફોન કરી બનાવની જાણ કરેલી અને તેઓ ઘરે આવેલા અને ભોગબનનારને લઈને પોલીસ સ્ટેશન ગયેલા. આ સાહેદની

જુબાનીને ભોગબનનારના પિતાની જુબાનીથી તથા અન્ય સાહેદોની જુબાની થી સમર્થન મળે છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ફરીયાદ પક્ષના કેસ ને સમર્થનકારક હકીકતો તેમની જુબાનીમાં નીકળી આવે છે અને તેમની સમગ્ર જુબાનીમાં એવી કોઈ હકીકત નીકળી આવતી નથી કે જે ફરીયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે. આરોપી તરફેની દલીલ મુજબ ભોગબનનારના માતા ની જુબાની અન્ય સાહેદોની જુબાનીથી વિરોધાભાષી જુબાની હોય ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. પરંતું, ભોગબનનારના માતાની જુબાની જોતાં તેમની જુબાની અન્ય સાહેદોની જુબાનીથી વિરોધાભાષી જુબાની હોવાનું જણાતું નથી અને તેથી આરોપી પક્ષેની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**૪૧.** ભોગબનનારના દાદી (PW-5, Exh-32)ની જુબાની જોવામાં આવે તો તે મુજબ તા.૧૮/૯/૨૦૨૫ ના રોજ તેમનો છોકરો તથા તેની પત્ની તથા તેઓના બે બાળકો રાધનપુર મુકામે મજુરીકામે ગયેલા હતા અને તે તથા ભોગબનનાર તથા બે છોકરીઓ તેઓના ગામે તેમના ઘરે હતી. વધુમાં તેમની જુબાની મુજબ બનાવના દિવસે તેણી તથા ભોગબનનાર તથા બીજી છોકરીઓ સાંજે આઠેક વાગે સુઈ ગયેલા હતા અને રાત્રીના બે વાગ્યાની આસપાસ બોડાએ તેઓના ઘરનો દરવાજો ખોલી ભોગબનનારને ખાટલામાંથી ઉપાડેલી તેથી તેણી છોડાવવા જતાં તેણીને ડાબા હાથ ઉપર તથા બરડાના ભાગે લાકડી મારેલી અને બોડો ભોગબનનારને લઈને જતો રહેલો. વધુમાં તેમની જુબાની મુજબ તેણી અને બે છોકરીઓને લઈને ભત્રીજાના ઘરે ગયેલા અને તેઓને જગાડી બોડો ભોગબનનારને લઈ ગયેલ હોવાનું જણાવેલ. ત્યારબાદ આજુબાજુવાળા માણસો ભેગા થયેલા અને આજુબાજુ ખેતરમાં શોધખોળ કરેલી પરંતુ ભોગબનનાર મળેલી નહીં જેથી તેણીએ તેમના

ભત્રીજાના ફોન ઉપરથી છોકરાને ફોન કરી બનાવની વાત કરેલી. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનનાર સવારે સાત વાગે ઘરે આવેલી ત્યારે બધાએ ભોગબનનારને પુછતા તેણીએ જણાવેલ કે બોડો તેણીને ગઢચું દડીના જંગલમાં લઈ ગયેલો અને ચપ્પુ બતાવી ધમકી આપેલી અને ત્રણ વાર ઈજ્જત લીધેલી. ત્યારબાદ સાંજે પાંચેક વાગે છોકરો આવેલો તે વખતે ભોગબનનારે દવાખાને લઈ જવા કહેતા ભોગબનનારને લઈને પોલીસ સ્ટેશન આવેલા અને ફરીયાદ નોંધાવેલી અને ત્યારબાદ પોલીસ ભોગબનનારને સીવીલ હોસ્પીટલ લઈ ગયેલી. વધુમાં તેમની જુબાની મુજબ તેણીને બીજા દિવસે સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા અને એક દિવસ રાખેલી અને ડોકટરને બનાવની હકીકત લખાવેલી. વધુમાં તેમની જુબાની મુજબ પોલીસ ભોગબનનારને લઈને ઘરે આવેલી અને બોડો તેણીને જે જગ્યાએ લઈ ગયેલ તે જગ્યાએ લઈ ગયેલી. વધુમાં તેમની જુબાની મુજબ બનાવના બીજા દિવસ સવારે બોડાનો મોબાઈલ મળેલો તે પોલીસને આપેલો. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓ તેમની સરતપાસમાં જણાવેલી હકીકતોને વળગી રહે છે અને તેમની ઉપરોકત જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આમ, આ સાહેદની જુબાનીથી ભોગબનનારના માતા–પિતાની જુબાનીને સમર્થન મળે છે.

**૪૨.** ફરીયાદપક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. જય રણછોડભાઈ રાવત (PW-11, Exh-57) ની જુબાની મુજબ તા.૨૨/૯/૨૫ ના રોજ સીવીલ હોસપીટલ ગોધરા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા તે વખતે સવિતાબેન અમરાભાઈ નાયકને બપોરના ૨–૧૦ વાગે સારવાર માટે જાતે તેમની પાસે આવેલ હતા. તેમને તા.૧૯/૯/૨૫ ના રોજ લાકડા

વડે માર મારેલાની ફરીયાદ હતી. દર્દીની તપાસ કરતા ડાબા હાથની કોણી ઉપર દુખાવાની ફરીયાદ હતી અને હાથ હલાવવામાં તકલીફ પડતી હતી તેમજ પીઠના ભાગે દુખાવાની ફરીયાદ હતી અને ડાબા પગે દુખાવાની ફરીયાદ હતી. ત્યારબાદ દર્દીને જરુરી સારવાર આપેલી અને એકસ–રે પડાવવા મોલેલ હતા પરંતુ ત્યાંથી પરત આવેલા નહીં. વધુમાં તેમની જુબાની જોતાં મુદ્દામાલ વાળી લાકડીથી આવી ઈજાઓ થવાની સંભાવના રહેલી હોવાનો અભિપ્રાય આપેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે દર્દી કેસ પેપર લઈને જતા રહેલા હતા અને તેમને એવી શંકા દર્શાવેલી છે કે એવુ બની શકે કે દર્દી એમ.એલ.સી. બનાવડાવવા સારૂ તેમની પાસે આવેલા હોય. તેમની જુબાનીમાં આંક–પ૮થી એમ.એલ.સી. રજુ કરેલ છે. આ આંક–પ૮ના એમ.એલ.સી.થી તેમની જુબાનીને સમર્થન મળે છે. આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોતાં ભોગબનનારના દાદી જાતે દવાખાને ગયેલા અને તેમને લાકડા વડે માર મારેલાની ફરીયાદ હતી અને તેમને તપાસતાં તેમના હાથે, બરડામાં અને પગે દુ:ખાવાની ફરીયાદ હતી અને તે કેસ પેપર લઈને જાતે જતા રહેલા હતાં. વધુમાં, આ સાહેદ સમક્ષ પણ ભોગબનનારના દાદીએ તેમને લાકડા વડે માર મારેલાનું જણાવેલ છે.

**૪૩.** આમ, ભોગબનનારના પિતા (PW-3, Exh-29), ભોગબનનારની માતા (PW-4, Exh-31) તથા ભોગબનનારના દાદી (PW-5, Exh-32)ની જુબાની જોતાં બનાવની રાત્રે ભોગબનનારના દાદીએ તેમના ભત્રીજાના મોબાઈલ ઉપરથી ભોગબનનારના પિતાને ફોન કરેલ હોવાની હકીકતને એકબીજાની જુબાનીથી સમર્થન મળે છે તેમજ આરોપી બોડો ઉર્ફે અજયભાઈ અનોપસિંહ રાત્રે બે વાગે ભોગબનનારને લઈ ગયેલ હોવાનું તેમને જણાવેલ હોવાની હકીકતને એકબીજાની જુબાનીથી સમર્થન

મળે છે તેમજ બીજા દિવસે સાંજે ભોગબનનારના માતા અને પિતા તેમના ઘરે આવેલા હોવાનું અને ભોગબનનારને પોલીસ સ્ટેશન લઈ ગયેલ હોવાની હકીકત બાબતે તેઓની જુબાનીમાં સાતત્યતા રહેલી હોવાનું જણાઈ આવે છે. જેથી, તેઓની જુબાનીથી એકબીજાની જુબાનીને સમર્થન મળે છે અને તેઓની જુબાની ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક જુબાની છે તેમજ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. જેથી, ભોગબનનારના પિતા (PW-3, Exh-29), ભોગબનનાર ની માતા (PW-4, Exh-31) તથા ભોગબનનારના દાદી (PW-5, Exh-32)ની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, ભોગબનનારના દાદીએ રાત્રે ભોગબનનારના પિતાને ફોન કરી આરોપી બોડો ઉર્ફે અજયભાઈ અનોપસિંહ રાત્રે બે વાગે ભોગબનનારને લઈ ગયેલ હોવાની જાણ કરેલી અને ભોગબનનારના માતા–પિતા ઘરે આવેલા અને ભોગબનનારને પોલીસ સ્ટેશન લઈ જઈ ફરીયાદ આપેલી.

**૪૪.૧** ભોગબનનાર (PW-2, Exh-26)ની જુબાની મુજબ બનાવના દિવસે તે, તેમની બે બહેનો અને દાદી ઘરે હતા અને તેઓ બધા સુઈ ગયેલા હતા તે વખતે રાત્રીના બે વાગે બોડો તેમના ઘરે આવેલો અને તેણીને ઉપાડતો હતો જેથી તેના દાદી જાગી ગયેલા અને બોડાને કહેલ કે કેમ છોકરીને ઉપાડે છે તો બોડાએ દાદીને બરડામાં અને હાથે લાકડી મારેલી અને તેણીને ઉપાડીને ગઢ ચુંદડીના ડુંગર ઉપર પથ્થર ઉપર લઈ ગયેલો. વધુમાં ભોગબનનારની જુબાની મુજબ તે વખતે બોડાએ તેના કપડા કાઢી નાખેલા અને તેણીના કપડા પણ કાઢી નાખેલા અને તેનુ પેશાબ કરવાનુ તેણીના પેશાબ કરવાની જગ્યાએ નાંખેલું અને આવું તેણે બે વખત તેણીની સાથે કરેલ જેથી તેણીના પેશાબના ભાગે લોહી નીકળવાનું ચાલુ થયેલ. વધુમાં તેણીની જુબાની મુજબ સવારે

બોડાની આંખ ઉઘડેલી અને તેણીએ તેને ઘરે મુકવા આવવા કહેતા તે તેણીને ઘરે મુકવા આવેલા અને તે મુકવા આવેલ ત્યારે પણ તેણીને લોહી નીકળતું હતુ ત્યાં ગામનું કોતર હતુ ત્યાં બોડા એ લોહી ધોવડાવેલ હતું પછી બોડો કોતર પાસે પડી ગયેલો અને તેણી ત્યાંથી ભાગી તેના ઘરે આવેલી અને ઘરે આવી તેણીએ તેના દાદી તથા કાકાને બનાવની વાત કરેલી. વધુમાં તેણીની જુબાની મુજબ ત્યારબાદ બોડો તેણીની પાછળ પાછળ તેમના ઘરે આવેલો હતો તેથી તેણીના કાકા તેણીને લઈને તેમના ઘરે ભાગેલા અને તે વખતે બોડો કહેતો હતો કે મારી બૈરીને કયાં લઈને ભાગો છો. વધુમાં તેમની જુબાની મુજબ ત્યારબાદ બોડો તેણીના દાદાના ઘરેથી બકરુ લઈને દુકાન બાજુ જતો હતો તે વખતે તેણીના દાદી ભેગા થઈ જતાં બોડાએ કહેલ કે ''કાંઈ થયેલ નથી, તેણીની તેના મમ્મી સાથે સુતી હતી.'' વધુમાં તેમની જુબાની મુજબ બોડો તેણીને ડુંગર ઉપરથી લઈને આવતો હતો ત્યારે તેણીને ધમકી હતો કે જો કોઈને કહીશ તો મમ્મી તથા પપ્પાને ચપ્પુ ઘોંચી મારી નાખીશ. વધુમાં તેમની જુબાની મુજબ તેણીના મમ્મી–પપ્પા સાંજે ઘરે આવેલા અને તેઓ બધા ગોધરા પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવવા ગયેલા અને પોલીસને તેમને બધુ જણાવેલ અને પોલીસ તેમને ગોધરા સીવીલ દવાખાને લઈ ગયેલ અને ડોકટરે તેમની દવા કરેલી અને ડોકટરને વિગત લખાવેલી. વધુમાં તેમની જુબાની મુજબ પોલીસ તેમને જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાએ લઈ ગયેલી અને બે જગ્યાએ જવાબ લખાવવા લઈ ગયેલ જેમાં કોર્ટમાં જવાબ લખાવવા લઈ ગયેલી. વધુમાં તેમની જુબાની મુજબ બોડા એ તેણીને ગાલે બચકુ ભરેલું. તેમની જુબાનીમાં આંક–૨૭થી બી. એન. એસ. એસ. ની કલમ–૧૮૩ અન્વયે નોંધવામાં આવેલ નિવેદન રજુ કરેલ છે.

**૪૪.૨** ભોગબનનાર (PW-2, Exh-26)ની આરોપી પક્ષે કરવામાં આવેલી

ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેમની ઉપરોકત જુબાનીથી વિરૂઘ્ધની હકીકત નીકળી આવેલી નથી અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલી હકીકતોને તે વળગી રહે છે. આમ, આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં એવી કોઈ હકીકત નીકળી આવેલી નથી કે જેથી તેમની જુબાની શંકાસ્પદ બને. આમ, ભોગબનનારની જુબાની જોતાં બનાવની રાત્રે આરોપી તેમના ઘરે આવેલ હોવાનું અને તેણીને ઉઠાવીને લઈ જતો હતો તે વખતે ભોગબનનારના દાદીએ રોકતા તેમને હાથે અને બરડામાં લાકડી મારેલી હોવાનું અને આરોપી તેણીને લઈ ગઢ ચુંદડીના જંગલોમાં લઈ ગયેલ હોવાનું અને ત્યાં તેણીના કપડા કાઢી અને આરોપીએ તેના પોતાના કપડા કાઢી ભોગબનનાર સાથે બે વખત શરીરસંભોગ કરેલો હોવાનું અને તેથી તેણીને લોહી નીકળવાનું ચાલુ થઈ ગયેલ હોવાનું તેમજ તેણીને ગાલે બચકુ ભરેલું હોવાનું અને તેણીને ચપ્પુ બતાવી કોઈને વાત કરીશ નહી, નહી તો તેણીના માતા-પિતાને ચપ્પુ મારી મારી નાખીશ તેવી ધમકી આપેલી હોવાનું જણાઈ આવે છે. તેમજ, ભોગબનનારે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલી હોવાનું જણાઈ આવે છે.

**૪૪.૩** બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂનું ભોગબનનારનું આંક-૨૭નું નિવેદન જોવામાં આવે તો તેમાં ભોગબનનારના લખાવ્યા મુજબ બોડો ઉર્ફે અજયભાઈનાએ તેણીના દાદીને બે ડફણી મારેલી અને તેણીએ બોડોને એક બકરો આપેલો અને બોડાએ તેણીનો હાથ ઝાલેલો અને મોઢામાં ડુચો નાખીને બાંધી દીધેલ પછી તેણીને ખેંચી લઈ રાતે બે વાગે જંગલમાં લઈ ગયેલ અને તેણીના કપડા કઢાવી નાંખેલા તેણીની ઉપર સુઈ ગયેલો અને તેણીએ બુમ પાડી તો તેણીને ચપ્પુ બતાડતો હતો અને રાતે તેણીને લોહી પડેલુ તો તેણીને ઓઢણી લેવા

મોકલેલ અને જંગલને શેઢે નદી આવેલી છે ત્યાં પાણીથી આરોપીએ ધોવડાવી અને પછી આરોપી ઉંઘી ગયો તો તેણીની ત્યાંથી નાસી ગયેલી અને પછી આરોપી તેણીની પાછળ પાછળ આવેલો. તેણીના કાકા તેણીને લઈને ભાગતા હતા તો આરોપી કહેતો હતો કે મારી બૈરીને લઈને કયાં ભાગો છો. બોડાએ તેણીને ગાલ પર બચકા ભર્યા પછી કહેતો કે જો તું કોઈને કહીશ તો તારી દાદી અને પપ્પા અને મમ્મીને ચપ્પા મારીને મારી કાઢીશ. તેણીને ત્યાં નગ્ન કરેલી, તેણીની ઓઢણી ઓઢીને આવતી રહેલી. આરોપીએ તેણીને ઉંઘની ગોળી પીવડાવેલી જે તેણીએ ફેંકી દીધેલી. તેણીએ આરોપી સામે હાથ જોડેલ તો પણ આરોપીએ તેણીની ઈજ્જત લુટી એ મારી ઉપર સુઈ ગયેલો. આરોપી બધાના બકરા રહેવા દેતો નથી, મારી દે છે અને બધાના બકરા લઈ જાય છે. આમ, ભોગબનનારે આંક–૨૭ના નિવેદનમાં પણ આરોપીએ તેમના ઘરે આવી તેણીની દાદીને મારેલ હોવાનું અને તેણીને જંગલમાં લઈ જઈ તેણીના કપડા કાઢી તેણીની ઉપર સુઈ ગયેલો અને તેણીને લોહી પડેલું જે આરોપીએ નદીએ ધોવડાવેલ અને આરોપી ઉંઘી જતાં તે ત્યાંથી ભાગી આવેલી તેમજ આરોપીએ તેણીના ગાલે બચકુ ભરેલું તથા આરોપીએ તેણીની ઈજ્જત લુટેલી હોવાનું જણાવેલ છે. આમ, ભોગબનનારના આંક–૨૭ના નિવેદનથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે.

**૪૪.૪** ફરીયાદપક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની જુબાની મુજબ તા.૨૦/૯/૨૫ ના રોજ તે સીવીલ હોસ્પીટલ, ગોધરા ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ ઉપર હાજર હતા તે વખતે રાત્રીના ૧–૨૦ કલાકે ભોગબનનારને ગાયનેક તપાસ માટે લાવેલા ત્યારે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''તા.૧૯/૯/૨૫ ના રોજ

વહેલી સવારે બે વાગે હુ મારી બા અને બહેનો ઘરે હતા, મમ્મી અને પપ્પા બહાર મજુરી માટે ગયા હતા ત્યારે આરોપી અજય ઉર્ફે બોડો અનોપભાઈ નાયક ઘરે આવેલ હોય બકરી ચોરવાના બહાને આવી તેઓએ મારી બાને માર્યુ અને મારો હાથ પકડી મોઢે રુમાલ બાંધી મને જબરજસ્તી જંગલમાં લઈ ગયેલ. ત્યાં ચકકુ બતાવી મને મારી નાખવાની ધમકી આપી અને અવારનવાર બળ જબરીપૂર્વક બળાત્કાર કરેલો. એ જ સાથે મને મોઢે પણ બચકુ ભર્યુ હતુ, સવારે સાત વાગે મોકો મળતા હું ઘટના સ્થળેથી ભાગીને ઘરે આવી.'' આમ, આ સાહેદની જુબાની જોતાં જણાઈ આવે છે કે, ભોગબનનારને ગાયનેક તપાસ માટે લાવેલા ત્યારે ભોગબનનારે તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં આરોપી ભોગબનનારના ઘરે આવેલો અને તેણીની બાને મારી તેણીને જંગલમાં લઈ જઈ તેણીની સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. આમ, ભોગબનનારે આ ડોકટર સાહેદ રૂબરૂ લખાવેલ હિસ્ટ્રીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે.

**૪૪.૫** ભોગબનનાર (PW-2, Exh-26)ની જુબાનીને આંક–૨૭ના નિવેદનથી સમર્થન મળે છે તેમજ ભોગબનનારે ગાયનેક ડોકટર સમક્ષ લખાવેલી હિસ્ટ્રીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. ભોગબનનારની જુબાનીમાં તથા આંક–૨૭ના નિવેદનમાં તથા ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં જણાવેલી મહત્વ ની હકીકતોમાં સાતત્યતા રહેલી છે. વધુમાં, ભોગબનનારના દાદીની એ જુબાનીથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે કે, આરોપી તેમના ઘરે આવેલો અને ભોગબનનારને લઈ જતો હતો અને તે વખતે ભોગબનનારના દાદીને આરોપીએ લાકડી મારેલી. વધુમાં, ભોગબનનારના માતા–પિતાની એ જુબાનીથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે કે સાંજે તેઓ ઘરે આવેલા અને ભોગબનનારને પોલીસ સ્ટેશન લઈ ગયેલ અને ત્યારબાદ

પોલીસ ભોગબનનારને દવાખાને લઈ ગયેલી. વધુમાં, ગાયનેકોલોજીસ્ટ ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની જુબાનીથી પણ ભોગબનનાર ની જુબાનીને સમર્થન મળે છે. ડો. આકાંક્ષા વૈદ્યની જુબાની જોતાં ભોગ બનનાર ની ગાયનેક તપાસ કરતાં ભોગબનનારના થાપાના ભાગે ઈજા થયેલી હોવાનું તથા ડાબા ગાલ ઉપર બચકુ ભર્યાના નિશાન હોવાનું તથા લીબીયા મેજોરા અને લીબીયા માયનોરાના ભાગે સોજો અને લાલશ હોવાનું અને લોહી નીકળેલુ હોવાનું અને ભોગબનનારનું યોનીપટલ તાજુ તુટેલું હોવાનું જણાઈ આવે છે. જેથી, ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરવાનું કૃત્ય આચરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં, આંક-૯૭નો બાયોલોજી અને સીરોલોજીકલ રીપોર્ટ જોતાં તેમાં પણ ભોગબનનારના સલવાર ઉપરથી તથા ભોગબનનારના વજાઈનલ સ્વોબમાં ભોગબનનારનું લોહી મળી આવેલ હોવાનું પુરવાર થતું હોય ભોગબનનાર સાથે આરોપીએ શરીરસંભોગ કરતાં ભોગબનનારને લોહી નીકળેલ હોવાની ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારના કપડા કાઢી તેણીને પથ્થર ઉપર સુવડાવી તેણીની સાથે શારીરીક સંભોગ કરવામાં આવેલ હોય તો તેના થાપાના ભાગે ઈજા થવાની પુરી શકયતા રહેલી છે અને તેથી ભોગબનનારના થાપાના ભાગે થયેલી ઈજા પણ ભોગબનનારને પથ્થર ઉપર સુવડાવી તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોવાની ભોગબનનારની જુબાનીને સમર્થન કરે છે. વધુમાં, આરોપીનો ફોન ભોગબનનારના ઘર આગળથી તા.૧૯/૦૯/ ૨૦૨૫ ના રોજ મળી આવેલ હોય તા.૧૮-૧૯/૦૯/૨૦૨૫ની મધ્ય રાત્રીએ આરોપીની હાજરી ભોગબનનારના ઘરે હોવાનું જણાય છે અને તેથી બનાવની રાત્રે આરોપી ભોગબનનારના ઘરે આવેલ હોવાની ભોગબનનાર અને ભોગબનનારના દાદીની જુબાનીને સમર્થન મળે છે. જેથી, ભોગબનનાર ની જુબાની ના માનવાને કોઈ કારણ નથી.

**૪૪.૬** ભોગબનનારના આંક–૨૭ના નિવેદનમાં કેટલીક હકીકતો બનાવ બન્યાના ક્રમાનુસાર લખાવેલી ના હોવાનું જણાય છે તેમજ કેટલીક હકીકતો તેણીની જુબાનીથી અલગ રીતે જણાવી રહેલા છે પરંતું ભોગબનનારની ઉંમર ધ્યાને લેતાં બનાવના ક્રમમાં ફેરફાર આવે તેટલા માત્રથી ભોગબનનારની જુબાની શંકાસ્પદ કહી શકાય નહીં અને ખાસ કરીને જયારે ભોગબનનારના ગુ પ્તભાગે ઈજાઓ થયેલી હોય અને ભોગબનનારના ગાલ ઉપર ઈજા થયેલી હોય અને ભોગબનનારના સલવાર ઉપરથી લોહી મળી આવેલ હોય અને ભોગબનનારના વજાઈનલ સ્વેબમાં પણ લોહી મળી આવેલ હોય એટલ ે કે મેડીકલ અને સાઈન્ટીફીક પુરાવો ભોગબનનારની જુબાનીને સમર્થન કરતો હોય અને ભોગબનનારની જુબાનીમાં જણાવેલી મહત્વની હકીકતો અને આંક–૨૭ના નિવેદનમાં તથા ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં જણાવેલી મહત્વની હકીકતોમાં સાતત્યતા હોય ત્યારે ભોગબનનારની જુબાની અને આંક–૨૭ના નિવેદનમાં કેટલીક હકીકતો બાબતે સાત્યતા ના હોય તેટલા માત્રથી ભોગબનનારની જુબાની શંકાસ્પદ બની જતી નથી.

**૪૪.૭** ભોગબનનારના દાદીને હાથના ભાગે અને બરડાના ભાગે આરોપીએ લાકડી મારેલાની ભોગબનનારની જુબાનીને ભોગબનનારના દાદીની જુબાનીથી સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારના દાદીએ ડોકટરસ સમક્ષની હીસ્ટ્રીમાં પણ ભોગબનનારના દાદીને લાકડી મારેલાનું જણાવેલ છે. ભોગબનનારના દાદીએ જે ડોકટર પાસે સારવાર માટે હાજર થયેલા તે ડોકટર જય રણછોડભાઈ રાવત (PW-11, Exh-57) ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના દાદીને કોઈ દેખીતી ઈજા હોય તેમ જણાતું નથી પરંતું ભોગબનનારના દાદીને દુ:ખાવાની ફરીયાદ હોવાની હકીકત નીકળી આવે છે. આ પ્રકારની ઈજામાં કોઈ દેખીતી ઈજા ના હોય તેવુ બની શકે છે અને તેથી કોઈ

દેખીતી ઈજા ના હોવાથી ભોગબનનારના દાદીને આરોપીએ લાકડી મારેલાની ભોગબનનારની જુબાની અને ભોગબનનારના દાદીની જુબાની ના માનવાને કોઈ કારણ નથી.

**૪૫.૧** આરોપી તરફે એવી દલીલ છે કે, ભોગબનનાર પોતાની જુબાની ગોઢ ખીને બોલેલ છે અને આરોપીના મામાના તેઓ કુટુંબી હોવા છતાં ઈરાદાપૂર્વક તેણીને શીખવાડયા મુજબ ભોગબનનાર તે હકીકત જાણતા ના હોવાનું જણાવે છે તે જોતાં ભોગબનનાર ટયુટર વીટનેશ હોવાનું જણાય છે અને તેથી તેની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. પરંતું, તેમની આ દલીલ ગ્ર ાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે આરોપી તેમના ગામનો ભાણો હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલી છે પરંતું આરોપીના મામા તેમના કુટુંબી હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ભોગબનનારની જુબાની જોતાં ભોગબનનારના નિવેદનથી કેટલીક જુદી હકીકતો તે તેમની જુબાનીમાં જણાવે છે અને જો ભોગબનનાર ગોખેલી જુબાની આપતા હોતો તો આવી કોઈ હકીકત જણાવેલી ના હોત, ભોગબનનારની જુબાની જોતાં તે કુદરતી રીતે જુબાની આપતા હોવાનું જણાય છે અને તેથી ભોગબનનારની જુબાની શખવાડેલી જુબાની છે તેવી તેમની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૪૫.૨** આરોપી તરફે એવી દલીલ છે કે, દસ વર્ષની છોકરીના યોનીમાં સ્ત્રાવ થાય નહી અને તેની સાથે જો શરીરસંબંધ બાંધવામાં આવે તો આરોપીના શિશ્ન ઉપર ઈજા થાય પરંતું મેડીકલ ઓફીસરના પુરાવા જોવામાં આવે તો આરોપીને આવી કોઈ ઈજા થયેલી ન હતી જેથી ભોગબનનારની જુબાની માની શકાય તેવી નથી. પરંતું, તેમની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે ડો.પરીમલ ભરતકુમાર જણસારી (PW-9, Exh-46) ની જુબાની જોવામાં આવે તો તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે આવા સંજોગોમાં ઈજા

થઈ શકે પરંતું દરેક વખતે ઈજા થવાની શકયતા નથી. આમ, મેડીકલ ઓફીસરની આ જુબાની જોતાં આરોપીના શિશ્ન ઉપર ઈજા થયેલી ના હોવા માત્રથી તેણીની સાથે શરીરસંભોગ કરવામાં આવેલ હોવાની ભોગબનનારની જુબાની શંકાસ્પદ બનતી નથી.

**૪૫.૩** આરોપી તરફે એવી દલીલ છે કે, ડો. પી. જી. રાઠોડની જુબાનીમાં શારીરીક સંભોગ થયાના ૭૨ કલાકની અંદર નમુના લેવામાં આવેલ હોય તો જીવીત કે મૃત શુક્રાણુઓની હાજરી મળી આવે તે પુરવાર થાય છે અને હાલના કેસમાં ભોગબનનારની શારીરીક તપાસ ૨૪ કલાકમાં કરવામાં આવેલી છે પરંતું ભોગબનનારના વજાઈનલ સ્વેબમાંથી કઈ જીવીત કે મૃત શુક્રાણુની હાજરી મળી આવેલી નથી. જેથી, ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયાની ભોગબનનારની જુબાની શંકાસ્પદ બને છે. વધુમાં, જો ગર્ભનિરોધક સાધન વિના શારીરીક સંભોગ કરવામાં આવે તો યુ.પી.ટી. પોઝીટીવ આવવાની સંભાવના રહે છે પરંતું હાલના કેસમાં આવા કોઈ સંજોગો ઉભા થયેલા નથી. પરંતું, તેમની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણ કે ડો. પી. જી. રાઠોડની જુબાની જોવામાં આવે તો શારીરીક સંભોગ થયાના ૭૨ કલાકની અંદર નમુના લેવામાં આવેલ હોય તો જીવીત કે મૃત શુક્રાણુઓની હાજરી મળી રહેવાની શકયતા વધારે રહે તેમ જણાવેલ છે તેમણે તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલી નથી કે શારીરીક સંભોગ થયાના ૭૨ કલાકની અંદર નમુના લેવામાં આવેલ હોય તો જીવીત કે મૃત શુક્રાણુઓની હાજરી મળી જ આવે. આમ, ભોગબનનારના વજાયનલ સ્વોબમાં જીવીત કે મૃત શુક્રાણુઓ ની હાજરી મળી આવેલ ના હોવાથી ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયાની ભોગબનનારની જુબાની શંકાસ્પદ બનતી નથી. વધુમાં, એ સર્વવિદીત છે કે ગર્ભનિરોધક સાધન વિના શારીરીક સંભોગ કરવામાં

આવે તો યુ.પી.ટી. પોઝીટીવ આવે જ તે જરૂરી નથી, માત્ર ગર્ભ રહેવા સંભાવના રહે છે તેમજ હાલના કેસમાં ડો. આકાંક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-12, Exh-60)ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારનું માસિક ચાલુ થયેલ જ ન હતું એટલે કે ભોગબનનારને હજુ એક પણ વખત માસિક આવેલુ જ ન હતું. આમ, ભોગબનનારને માસિક ચાલુ જ થયેલ ના હોય ત્યારે આવા સંજોગોમાં ભોગબનનાર સાથે શરીર સંભોગ આચરવામાં આવે તો પણ તેણીને ગર્ભ રહેતો નથી અને તેથી ભોગબનનારને ગર્ભ રહેલ ના હોવા માત્રથી ભોગ બનનાર ની સાથે શરીરસંભોગ આચરવામાં આવેલ હોવાની ભોગબનનારની જુબાની શંકાસ્પદ બનતી નથી.

**૪૫.૪** આરોપી તરફે એવી દલીલ છે કે, ભોગબનનારની જુબાનીમાં તેઓ દરવાજો બંધ કરીને સુઈ ગયેલા હતા અને તે દરવાજો આરોપીએ જાતે ખોલી આરોપી અંદર આવેલાનું જણાવેલ છે પરંતું દરવાજો અંદરથી બંધ હોય તો આરોપી કઈ રીતે દરવાજો ખોલી શકે અને કેવી રીતે અંદર આવી શકે જેથી ભોગબનનારની જુબાની માની શકાય તેવી ના હોય ભોગબનનારની જુબાની વિશ્ર્વસનીય નથી અને તેના ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. પરંતું તેમની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે ભોગબનનારના દાદી (PW-5, Exh-32)ની જુબાની જોતાં આરોપીએ તેમના ઘરનું ઝાંપલુ (દરવાજો) બોડાએ ખોલેલો હોવાનું જણાવે છે. વધુમાં તેમની ઉલટતપાસમાં એવી હકીકત નીકળી આવેલી છે કે, તે દરવાજા બંધ કરીને સુતા નથી કારણ કે તેમને દરવાજા નથી માત્ર લાકડાના ઝાંપલા છે. વધુમાં, આંક–૧૪નું ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોવામાં આવે તો તેમાં ભોગબનનારના ઘરનું પંચનામુ કરવામાં આવેલ છે અને તેમાં પણ ભોગ બનનારના ઘરમાં પ્રવેશતા પહેલા વાંસના લાકડાથી મકાનમાં પ્રવેશવા માટેના

દરવાજા જેવુ બનાવેલ હોવાનું અને તે સરળતાથી ખુલી જાય તેમ હોવાની નોંધ કરેલ છે. આમ, ભોગબનનારના ઘરના આગળ લાકડના ઝાંપલા જેવુ બનાવેલ હોવાની ભોગબનનારના દાદીની જુબાનીને સમર્થન મળે છે. આમ, ભોગ બનનાર ના ઘરમાં પ્રવેશ કરવા માટે ઝાંપલું આવેલ હોય અને તે સરળતાથી ખોલી શકાય તેમ હોય ત્યારે આવો દરવાજો ખોલી શકાય તેમ હોય ત્યારે આ દરવાજો બંધ કરેલ હોવાથી બોડાએ આ દરવાજો ખોલેલ હોવાની ભોગબનઢ નારની જુબાની માની શકાય તેમ ના હોવાની આરોપી પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૪૫.૫** આરોપી તરફે એવી દલીલ છે કે, ભોગબનનારની જુબાની મુજબ આરોપી ભોગબનનારને ગઢ ગામના જંગલમાં લઈ ગયેલ અને પંચનામું જોવામાં આવે તો ત્યાંથી ૫૦૦ મીટર દૂર મંદીર આવેલ હતું અને તેથી ભોગબનનારે બુમા બુમ કરેલી હોય તે મંદીરે સાંભળી શકાય તેમ છે પરંતું ભોગબનનારની બુમો કોઈએ સાંભળી હોય તેવો કોઈ પુરાવો નથી અને તેથી ભોગબનનારની જુબાની માની શકાય તેમ નથી. પરંતું, તેમની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે ૫૦૦ મીટરનું અંતર ઓછુ કહી શકાય નહી અને ગુનાવાળી જગ્યાએથી બુમ પાડવામાં આવે તો મંદીરમાં સાંભળી શકાય તેમ હતું તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, બનાવ રાત્રીના સમયે બનેલો હોય અને રાત્રે મંદીરમાં કોઈ રોકાણ કરતુ હતું તે બાબતનો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી, ભોગબનનારની બુમાબુમ કોઈ સાંભળી શકે તેમ હોવા અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો ના હોય તેણીની આ જુબાની શંકાસ્પદ ગણી શકાય નહી અને તેથી આરોપી પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૪૬.** આમ, ભોગબનનારની જુબાની વિશ્વસનીય જણાતી હોય ભોગ

બનનાર ની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, આરોપીએ ભોગબનનારના દાદીને હાથના ભાગે અને બરડાના ભાગે લાકડી મારેલી તેમજ એ પણ પુરવાર થાય છે કે, આરોપી તેણીને લઈ ગઢ ચુંદડીના જંગલોમાં લઈ ગયેલ અને ત્યાં તેણીના કપડા કાઢી અને આરોપીએ તેના પોતાના કપડા કાઢી ભોગબનનાર સાથે બે વખત શરીરસંભોગ કરેલો અને તેથી તેણીને લોહી નીકળવાનું ચાલુ થઈ ગયેલ તેમજ તેણીને ગાલે બચકુ ભરેલું.

**૪૭.**ફરીયાદ પક્ષના સાહેદ, પોલીસ સ્ટેશન ઓફીસર, રમેશકુમાર ચંન્દ્રસિંહ બારીઆ(PW-13,Exh-63)ની જુબાની મુજબ એન.પી.સેલોત, પી.એસ.આઈ. રૂબરૂની ફરીયાદ ગુનો રજીસ્ટર થવા તેમને મોકલી આપતા તેમણે ગોધરા તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૯૯૬/૨૦૨૫થી ગુનો રજીસ્ટર કરી, સુચીપત્ર, ડેપ્યુટ હુકમ, ફેકસ મેસેજ તૈયાર કરી આગળની તપાસ પી.કે.અસોડા, પી.આઈ.ને સુપ્રત કરેલી. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા તેમને મેડીકલ ઓફીસરને પી.આઈ. વતી યાદી કરેલી. તેમની જુબાનીમાં આંક–૬૪થી સુચીપત્ર, આંક–૬૫થી ડેપ્યુટ હુકમ અને આંક–૬૬થી ફેકસ મેસેજ રજુ કરેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને ગુનો રજીસ્ટર કરવાની કામગીરી કરેલી છે જેથી તેમની જુબાનીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૪૮.** ફરીયાદ પક્ષના સાહેદ, ફરીયાદ લેનાર, નરવતસિંહ પ્રતાપભાઈ સેલોત (PW-14, Exh-67) ની જુબાની મુજબ તા.૧૯/૯/૨૫ ના રોજ ગોધરા તાલુકા પો.સ્ટે. ખાતે પો.સ.ઈ. તરીકે ફરજ પર હાજર હતા તે વખતે ફરીયાદીએ તેમની રુબરુ આવી બનાવની ફરીયાદ આપેલી જે વિગતવાર ફરીયાદ તેમની લખાવ્યા

મુજબ લખી લીધેલી અને ગુનો રજીસ્ટર થવા માટે પી.એસ.ઓ.ને યાદી કરી મોકલી આપેલ હતી. તેમની જુબાનીમાં આંક–૬૮થી યાદી રજુ કરેલ છે. આ સાહેદની જુબાની જોતાં તેમણે આ કામે ફરીયાદ લખ્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી.

**૪૯.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અધિકારી, પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70) ની જુબાની મુજબ તા.૧૯/૯/૨૫ ના રોજ ગોધરા તાલુકા પો.સ્ટે. ખાતે પી.આઈ તરીકે ફરજ ઉપર હાજર હતા તે વખતે આ ગુનાની તપાસ તેમને મળતા તેમને તપાસ સંભાળી લીધેલ ત્યારબાદ ભોગબનનારની મેડીકલ તપાસ તથા ગાયનેક તપાસ કરાવેલી. ત્યારબાદ આરોપીની મેડીકલ તપાસ કરાવેલી તથા ભોગબનનારનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ અન્વયેનું નિવેદન લેવડાવવા કાર્યવાહી કરેલી ત્યારબાદ ભોગબનનારના જન્મ બાબતે ખરાઈ કરી આપવા ત.ક.મંત્રી તથા આચાર્ય પાસેથી પુરાવા મેળવેલા, ત્યારબાદ ભોગબનનારના દાદીનું બી.એન.એસ.એસ ની કલમ ૧૮૩ અન્વયે તથા ચાઈલ્ડ વેલ્ફેર કમીટી સમક્ષ નિવેદન લેવડાવેલ, ત્યારબાદ જી.પી.એકટની જોગવાઈ અન્વયે બહાર પાડવામાં આવેલ જાહેરનામાની નકલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ હતી. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ના.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે તેવી કોઈ ખાસ મહત્વની હકીકત નીકળી આવેલી નથી.

**૫૦.** આમ, ભોગબનનારની જુબાની તથા અન્ય પુરાવાથી આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલાનું એટલે કે આરોપીએ ભોગબનનાર ઉપર પ્રવેશ જાતિય હુમલો કરેલાની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ યોગ્ય

રીતે પુરવાર કરી શકેલ છે જેથી પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦નું અનુમાન અમલમાં આવે છે.

**૫૧.** પોકસો એકટની કલમ – ૨૯ અને ૩૦ના અનુમાનો જોતા આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદઢારી આરોપી ઉપર રહેલી છે. પરંતું, સમગ્ર પુરાવો જોતા આ હકીકતોનું ખંડન કરવા માટે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલો નથી કે તેમને કોઈ સાક્ષી તપાસેલા નથી અને આ હકીકતનું ખંડન કરવા માટે માત્ર ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખે છે.

**૫૨.૧** આરોપી તરફે એવી દલીલ છે કે, ભોગબનનાર, ભોગબનનારના માતા– પિતા અને ભોગબનનારના દાદીની જુબાની જોતાં તથા પંચ સાહેદની જુબાની જોતાં ફરીયાદીના ઘરની આજુબાજુમાં બીજા ઘરો આવેલા હોવાનું પુરવાર થાય છે. તેમજ પંચ સાહેદની જુબાની જોતાં ભોગબનનારના ઘરે જો બુમાબુમ થાય તો આજુબાજુના ઘરોમાં સંભળાય તે હકીકત પુરવાર થાય છે અને તેથી જો ભોગબનનાર સાથે રાત્રીના સમયે આવો કોઈ બનાવ બનેલો હોય તો આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા હોત પરંતું આવા કોઈ વ્યકિતના નિવેદન લેવામાં આવેલા નથી કે તેમને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી અને તેથી આવો કોઈ બનાવ બનેલ હોવાનું શંકાસ્પદ બને છે. પરંતું, તેમની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે ભોગબનનાર (PW-2, Exh-26)ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તે જણાવે છે કે દાદી સાથે બોલાચાલી થઈ ત્યારે આજુબાજુના લોકો ભેગા થયેલા નહી, તેમના ઘરથી બીજા ઘરો છેટા પડે છે. આમ, આજુબાજુ ઘરો આવેલા છે પરંતું તે દૂર હોવાનું જણાય છે તેમજ આંક–૧૪નું ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોવામાં આવે તો તેમાં પણ ભોગબનનારના ઘરની ચારેય

બાજુ ખેતર આવેલા હોવાનું જણાય છે જેથી ભોગબનનારની જુબાની ને સમર્થન મળે છે. વધુમાં, બનાવ રાત્રીના ૨:૦૦ વાગ્યાના અરસામાં બનેલો હોય તે સમયે સામાન્ય રીતે લોકો ગાઢ નિંદ્રામાં હોય છે અને બીજા મકાનો દૂર આવેલા હોય તે વખતે કોઈ જાગીને આવેલ ના હોય તેથી એમ કહી શકાય નહીં કે આવો કોઈ બનાવ જ બનેલ ન હતો અને તેથી આરોપી પક્ષે કરવામાં આવેલી દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**પર.૨** આરોપી પક્ષે એવી દલીલ છે કે, ભોગબનનારના પિતાની જુબાની જોવામાં આવે તો તેમને બનાવની રાત્રે જાણ થયેલી હોવાનું જણાવે છે તેમ છતાં તેમને રાત્રે તપાસ કરાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી. ભોગબનનાર સાથે જો આવો કોઈ બનાવ બનેલ હોય તો તેના પિતા તાત્કાલીક આ બાબતે તપાસ કરાવે પણ આવી કોઈ તપાસ કરાવેલ નથી અને તેથી આવો કોઈ બનાવ બનેલ હોવાની હકીકત શંકાસ્પદ બની જાય છે. પરંતું તેમની આ દલીલ પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણ કે, ભોગબનનાર ના ઘરના માણસોને આજુબાજુ તપાસ કરવા માટે તેમને જણાવેલ હતું તેવું તેમની ઉલટતપાસમાં જણાવેલ છે. જેથી, ભોગબનનારના પિતા એ ભોગબનનારની કયાંય તપાસ કરાવવા પ્રયત્ન કરેલ ના હોવાની અને તેમની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**પર.3** આરોપી તરફે એવી દલીલ છે કે, ભોગબનનારના દાદીની જુબાની જોવામાં આવે તો તેમને રાત્રે કોઈને બનાવની જાણ કરેલી નથી, જો બનાવ બનેલ હોત તો તેની જાણ કરેલી હોત પણ કોઈને જાણ કરેલી ના હોય બનાવ બન્યાની હકીકત શંકાસ્પદ બની જાય છે. પરંતું તેમની આ દલીલ પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણ કે, ભોગબનનારના દાદીએ તેમના જેઠના ઘરે જઈ તેઓને જગાડી બનાવની જાણ કરેલ હોવાની તેમજ ફોન

કરીને ભોગબનનારના પિતાને જાણ કરેલી હોવાની હકીકત તેમની જુબાનીમાં નીકળી આવે છે તેથી ભોગબનનારના દાદીએ કોઈને જાણ કરેલી ન હોવાની તેમની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. ભોગબનનારના દાદીની ઉલટતપાસમાં તેમને પોલીસને, સરપંચને, આગેવાનોને, આરોપીના મામાને કે આરોપીના પિતાને ફોન કરેલ ના હોવાનું તે કબુલ રાખે છે પરંતું ભોગબનનારના દાદીને આરોપીના મામાનો કે આરોપીના પિતાનો મોબાઈલ નંબરની ખબર હતી તે અંગનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ તે વ્યકિતઓ સાથે વાત થઈ શકે તેમ હતી કે નહીં તે અંગે પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. વધુમાં, પોલીસને કે સરપંચને કે આગેવાનોને રાત્રે બનાવની જાણ કરેલી ના હોવા માત્રથી આ બનાવ શંકાસ્પદ ગણી શકાય નહી અને તેથી તેમની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**પર.૪** આરોપી પક્ષે એવી દલીલ છે કે, ભોગબનનારના ઘર આગળથી મોટર સાઈકલ ઉપર જતી વખતે ગતી મર્યાદીત રાખવી પડે તેમ છે અને તેથી જો આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોત તો તેને રોકી શકાયેલ હોત કે તેનો પીછો કરી શકાયેલ હોત પણ આવુ કાંઈ કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી અને તેથી આ બનાવ શંકાસ્પદ બની રહે છે. પરંતું તેમની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણ કે આરોપી ભોગબનનાર ને મોટર સાઈકલ ઉપર લઈ ગયેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી અને તેથી તેમની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**પર.પ** આરોપી પક્ષે એવી દલીલ છે કે, ભોગબનનારની જુબાની જોતાં આરોપીના મામા સાથે તેમના ઘરના બોલતા ના હોવાનું જણાવેલ છે. જેથી, આરોપીના મામા અને ભોગબનનારના કુટુંબ વચ્ચે તકરાર હોવાનું પુરવાર થાય છે. જેથી, આરોપીને ખોટી રીતે ફસાવવા માટે આ કેસ કરેલ છે. પરંતું તેમની

આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે આરોપીના મામા અને ભોગબનનારના કુટુંબના માણસો એકબીજા સાથે બોલતા ના હોવા માત્રથી તેઓ વચ્ચે તકરાર રહેલી છે તેમ માની લઈ શકાય નહી. તેઓની વચ્ચે તકરાર હોવા અંગેનો કોઈ પુરાવો નથી. વધુમાં, તેઓની વચ્ચે તકરાર હોવાનું માનવામાં આવે તો પણ આ તકરારના કારણે આરોપીના મામાને ખોટી રીતે ગુનામાં સંડોવવાનો પ્રયત્ન થાય નહી કે આરોપીને ખોટી રીતે સંડોવવાનો પ્રયત્ન થાય. જેથી, આરોપીને ખોટી રીતે આ ગુનામાં સંડોવવામાં આવેલ હોવાની આરોપી પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**પર.૬** આરોપી પક્ષે એવી દલીલ છે કે, આરોપીના ફોઈની છેડતી ભોગ બનનાર ના પિતાના કાકાના છોકરાએ કરેલી હોય અને તે અંગે ઝઘડો થયેલો અને તેની અદાવત રાખી તેમજ આરોપીનો મોબાઈલ ભોગબનનારના દાદીએ લઈ લીધેલ હોય અને તેની આરોપી ફરીયાદ આપનાર હોય તેના કારણે આરોપી સામે ગંભીર ગુનાનો ખોટો કેસ કરાવેલ છે. પરંતું તેમની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. હાલના કેસમાં આરોપી પક્ષે તેમને જે બચાવ લીધેલ છે તે હકીકત પુરવાર કરવા માટે આરોપી પક્ષે કોઈ પુરાવો રજુ કરેલો નથી. આવા પ્રકારના સુચન માત્રથી આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોવાનું માની લઈ શકાય નહીં.

**પર.૭** આરોપી પક્ષે એવી દલીલ છે કે, ભોગબનનારના ઘરના લોકો બકરા પાળે છે અને આરોપી બકરા ચોરી કરતો હોવાનો ધ્વેષભાવ રાખી આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. ભોગબનનારના પિતા (PW-3,Exh-29), ભોગબનનારની માતા (PW-4, Exh-31), ભોગબનનારના દાદી (PW-5, Exh-32)ની ઉલટતપાસમાં ફરીયાદીના ઘરે બકરા પાળવામાં આવતા હોવાની હકીકત નીકળી આવે છે તેમજ તપાસ કરનાર અધિકારી, પ્રવિણ

ખાતુજી અસોડા (PW-15, Exh-70)ની આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, ભોગબનનારે ગાયનેક ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીમાં બકરા ચોરવાની હકીકત નીકળી આવેલી છે. પરંતું, માત્ર બકરા ચોરવાના દ્વેશભાવ થી કોઈ વ્યકિત પોતાની દીકરીના ભવિષ્યને અસર થાય તેવી ખોટી ફરીયાદ નોંધાવે નહીં. હાલ આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કર્યાના ગુનાનો કેસ છે અને આવો બનાવ ભોગબનનારના ભવિષ્યને અસર કરે તેવો છે અને તેથી આવો ખોટો બનાવ ઉભો કરીને કોઈ ફરીયાદ આપે તે માની શકાય નહીં. વધુમાં, ભોગબનનારના ઘરેથી આરોપી અગાઉ કોઈ બકરા ચોરી ગયેલો હોય અને આ બનાવ વખતે પણ આરોપી બકરા ચોરી ગયેલો હતો તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી અને તેથી આરોપી બકરા ચોરતો હોવાનો દ્વેશભાવ રાખી આ ફરીયાદ આપેલી હોય તે માની શકાય નહીં અને દલીલ ખાતર એમ માની લેવામાં આવે કે આરોપી બકરા ચોરતો હતો તો પણ ભોગબનનારના ગુપ્તભાગે થયેલી ઈજાઓ જોતાં અને ભોગબનનારના વજાઈનલ સ્વોબમાં તથા ભોગબનનારના કપડા ઉપર લોહી મળી આવેલ હોય ભોગબનનાર સાથે દુષ્કર્મ થયેલ હોવાના બનાવને સમર્થન મળતું હોય ત્યારે આરોપી બકરા ચોરતો હોય તેના દ્વેશભાવથી આ ફરીયાદ આપેલી છે તેમ કહી શકાય નહીં. જેથી, આરોપી તરફેની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**૫૩.** આરોપીના કપડા એફ.એસ.એલ. પરીક્ષણમાં મોકલવામાં આવેલ હતાં પરંતું આરોપીના કપડા ઉપરથી આરોપીને આ ગુનામાં સંડોવી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવેલો નથી પરંતું તેટલા માત્રથી પણ આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવવામાં આવેલ હોવાનું કહી શકાય નહી કારણ કે ફરીયાદ પક્ષના ડો.પરીમલ ભરતકુમાર જણસારી (PW-9, Exh-46) ની જુબાની

જોવામાં આવે તો આરોપીએ તેના કપડા બદલેલ હોવાનું અને ધોયેલા હોવાનું તેમની જુબાનીમાં જણાવેલ છે અને આ સાહેદની આ જુબાનીને આરોપી પક્ષે પડકારવામાં આવેલી નથી જેથી તેમની આ જુબાની ના માનવાને કારણ નથી અને તેથી આરોપીએ કપડા બદલેલ હોવાનું અને ધોયેલા હોવાનું જણાઈ આવે છે. આમ, જયારે બનાવ પછી આરોપીએ તેના કપડા ધોઈ નાંખેલા હોય ત્યારે તેના કપડા ઉપરથી ગુનાને લગતા પુરાવા મળવાની શકયતાઓ જૂજ રહેલી છે. આમ, આ સંજોગોમાં આરોપીના કપડા ઉપરથી આરોપીને આ ગુનામાં સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોવાથી આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેમ કહી શકાય નહીં.

**૫૪.** ભોગબનનાર સાથે ગઢના જંગલોમાં જયાં દુષ્કર્મ આચરવામાં આવેલ છે તે જગ્યાએથી કોઈ પુરાવો મળી આવેલ નથી પરંતું તેટલા કારણ માત્રથી આ બનાવ શંકાસ્પદ બનતો નથી કારણ કે આંક–૧૪નું પંચનામું તથા આંક–૭૭થી રજુ થયેલ એફ.એસ.એલ. અધિકારીનો અહેવાલ જોતાં ગુનાવાળી જગ્યાનું સ્થળપરીક્ષણ કરવામાં આવેલ અને તે જગ્યાનું પંચનામું કરવામાં આવેલ ત્યારે વરસાદ ચાલુ હોવાની હકીકત નીકળી આવેલી છે. આમ, બનાવ પછી જયારે બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ તે પહેલા ત્યાં વરસાદ પડેલો હોય તે કારણ થી સ્થળ ઉપર લોહીના કે અન્ય કોઈ પુરાવાનો નાશ થયેલ હોય તે માનવાને પુરતું કારણ છે અને તેથી સ્થળ ઉપરથી ભોગબનનારના લોહીના નિશાન મળી આવેલ ના હોવાથી આ બનાવ શંકાસ્પદ બનતો નથી.

**૫૫.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસમાં એવી કોઈ હકીકત નીકળી આવતી નથી કે જેથી આ હકીકતોનું ખંડન થાય. ફરીયાદ પક્ષનો કેસ ગંભીર ક્ષતિ ધરાવતો

હોય કે ફરીયાદ પક્ષના સાહેદોની જુબાનીમાં મહત્વની વિસંગતતાઓ રહેલી હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આરોપી તરફે અનુમાનનું ખંડન કરવા માટે કોઈ પુરાવો રજુ કરેલો નથી. આરોપી તરફે તેમના મામા અને ભોગબનનારના કુટુંબ વચ્ચે અણબનાવ હોવાનો તથા આરોપીના ફોઈની ભોગબનનારના કાકાએ છેડતી કરેલી હોવાનો તથા ભોગબનનારના દાદીએ આરોપીનો મોબાઈલ લઈ લીધેલ હોય તેની ફરીયાદ આપવાના હોય તે કારણથી હાલની આ ખોટી ફરીયાદ કરેલી છે તેવા સુચનો કરેલા છે પરંતું આરોપી પક્ષે આ બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે *Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra (supra)* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે જયારે કાયદાની જોગઢવાઈમાં "unless the contrary is proved" શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહીં પરંતું પુરાવાથી જ થઈ શકે. પરંતું, આરોપી પક્ષે આ બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે ફરીયાદ પક્ષના પુરાવામાં આવી કોઈ હકીકતો અસ્તિત્વમાં હોવા અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. જેથી, આ અનુમાનનું ખંડન કરવામાં આવા સુચનો પુરતા નથી. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ આચરેલ હોવાની હકીકતનું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ રહેલા છે અને તેથી આ અનુમાન આખરી અને નિર્ણાયક બની રહે છે. આમ, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકેલ છે કે, આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ એટલે કે પ્રવેશ જાતીય હુમલો કરેલો.

**૫૬.** ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી ભોગબનનારને તેણીના વાલીની સંમતિ વિના ભોગબનનારને તેણીના ઘરેથી ગઢ ગામના

જંગલમાં લઈ ગયેલ હોવાનું પુરવાર થાય છે. આમ, ફરીયાદ પક્ષના પુરાવાથી એ પુરવાર થયેલ છે કે, ભોગબનનાર ૧૨ વર્ષ કરતાં ઓછી ઉંમરના હતાં એટલે કે ભોગબનનાર સગીર વયના હતા અને એ પણ પુરવાર થયેલ છે કે આરોપી ભોગબનનારને તેણીના વાલીની સંમતિવિના ગઢ ગામના જંગલ માં લઈ ગયેલ જેથી આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનું પુરવાર થાય છે.

**૫૭.** ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો ભોગબનનાર અને ભોગબનનારના દાદી તથા ડો. જય રાવતની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, આરોપીએ ભોગબનનારના દાદીને હાથે તથા બરડામાં લાકડી મારી ઈજા નિપજાવેલી.

**૫૮.** ભોગબનનારની જુબાની જોવામાં આવે તો આરોપીએ ચપ્પુ બતાવી ધમકી આપી અને બુમ પાડીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપીને ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલો હોય તેવી હકીકત તેમની જુબાનીમાં નીકળી આવતી નથી પરંતું ભોગબનનારની જુબાની જોતાં એવું જણાય છે કે ભોગબનનારને આરોપીએ એવી ધમકી આપેલી કે આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલાની હકીકત જો કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેવી આરોપીએ ધમકી આપેલી. પરંતું, આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત જોવામાં આવે તો આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલાની હકીકત જો કોઈને કહેશે તો જાનથી મારી નાંખશે તેવી આરોપીએ ધમકી આપેલી હોય તેવુ તહોમત ફરમાવવામાં આવેલ નથી. આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત જોવામાં આવે તો આરોપીએ ચપ્પુ બતાવી ધમકી આપી અને બુમ પાડીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપીને ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલો હોય તેવુ તહોમત

ફરમાવવામાં આવેલ છે પરંતું આવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. જેથી, આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી બાબતે ફરીયાદ પક્ષના કેસ અને ફરીયાદ પક્ષના પુરાવા વચ્ચે સાતત્યતા નથી અને તેથી આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની હકીકત શંકાસ્પદ બને છે અને તેથી આરોપી એ ભોગબનનારને મારી નાંખવાની ધમકી આપેલી હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૫૯.** તપાસ કરનાર અમલદાર પ્રવિણ ખાતુજી અસોડા (PW-15, Exh-70) ની જુબાનીમાં આંક–૯૮થી હથિયાબંધીના જાહેરનામાની નકલ રજુ કરેલ છે. પરંતું, આ જાહેરનામાને બોમ્બે પોલીસ એકટની જોગવાઈઓ મુજબ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. આમ, આ જાહેરનામાને કાયદાની જોગવાઈઓ મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોવાનું પુરવાર થતું ના હોય ત્યારે આરોપીને આ જાહેરનામાની જાણકારી હતી તેમ માની લઈ શકાય નહી અને તેથી આરોપીએ લાકડી તથા ચપ્પુ કે જે રોજીંદી જીંદગીમાં ઉપયોગમાં લેવા હોય તેવા હથીયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરેલ છે તેમ કહી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષના પુરાવાથી એ પુરવાર થઈ શકતું નથી કે આરોપીએ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલો છે.

**૬૦.** આમ, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકેલ છે કે, આરોપી એ તા.૧૯/૯/૨૫ ના રોજ રાત્રીના સમયે ફરીયાદીના ઘરે આરોપીએ ભોગબનનારના દાદીને હાથે તથા બરડામાં લાકડી મારી ઈજા નિપજાવી તથા ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.૧૦ વર્ષનીને ભોગબનનારના ઘરેથી શારીરીક શોષણ કરવાના ઈરાદે બળજબરીથી તેણીના વાલીની સંમતિ વગર તેમના વાલીપણામાંથી

અપહરણ કરી, ગઢ ગામના જંગલમાં લઈ જઈ તેણીની સાથે બે વાર બળજબઢ રીથી શારીરીક સંભોગ કરી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૨), ૧૧૫(૨) તથા ધી પોકસો એકટની કલમ – ૪, ૬(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. પરંતું, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપીએ ભોગ બનનારને ગઢ ગામના જંગલમાં લઈ જઇ ભોગબનનારને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય ન્યાય સંહિતાની કલમ –૩૫૧(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો તેમજ એ પણ પુરવાર કરી શકેલ નથી કે આરોપીએ લાકડી તથા ચપ્પુ ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૨ અને ૪ નો જવાબ ''હકારમાં'', મુદ્દા નં. ૩નો જવાબ ''અશંત: હકારમાં'' ( ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૪(૧) (૨)(એમ), ૬૫(૨) તથા ધી પોકસો એકટની કલમ – ૪, ૬(૧) માટે 'હકારમાં' અને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૨) માટે 'નકારમાં') અને મુદ્દા નં. ૫ માટે ''નકારમાં'' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૬ ::–**

**૬૧.** મુદ્દા નં. ૧ થી ૫ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>– : આખરી હુકમ :–</u>

- આરોપી બોડાભાઈ ઉર્ફે અજયભાઈ અનોપસિંહ નાયકા, રહે.વાવડી બુઝર્ગ, કનેલાવ ફળીયું, તા.ગોધરા, જી.પંચમહાલ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૨) તથા

ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૨) મુજબના શિક્ષા પાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આરોપી બોડાભાઈ ઉર્ફે અજયભાઈ અનોપસિંહ નાયકા, રહે.વાવડી બુઝર્ગ, કનેલાવ ફળીયું, તા.ગોધરા, જી.પંચમહાલ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૩૭(૨), ૬૪(૧ ) (૨)(એમ), ૬૫(૨), ૧૧૫(૨) તથા ધી પોકસો એકટની કલમ ૪,૬(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

➢ આરોપીને સજા અંગે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–એકવીસમી માહે –એપ્રીલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગોધરા.
તા.૨૧/૦૪/૨૦૨૬

( રાકેશ જે. પટેલ )
સ્પે.જજ(પોકસો) અને
ચોથા એડી.સેસન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UID No.GJ 00833

**૬૨.** વિ. એ. પી. પી. શ્રી એમ. કે. દેશમુખને સાંભળ્યા, આરોપીના વિ. વકીલ શ્રી એસ.આર.મૌર્યને સાંભળ્યા.

**૬૩.** વિ. એ. પી. પી. શ્રીની દલીલ એવી છે કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલો છે અને આરોપીની ઉંમર ૨૭ વર્ષની છે અને આરોપીએ ૧૦ વર્ષની કુમળી વયની બાળકી સાથે બળજબરીથી આ કૃત્ય આચર્યુ છે તે સંજોગોમાં આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ. ભવિષ્યમાં સમાજમાં આવા કૃત્યો આચરતાં અન્ય વ્યકિતઓ ગભરાય તે માટે દાખલો બેસાડવા

માટે આરોપીને મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઈએ. વધુમાં આરોપી એ અવારનવાર આ પ્રકારનો ગુનો આચરેલો છે. આરોપીની સજા બાબતે ઉદાર વલણ દાખવવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર ઉભી થશે અને કાયદો જે હેતુ માટે ઘડવામાં આવેલ છે તેનો હેતુ પાર પડશે નહી અને ગુનેગારોને કાયદાનો કોઈ ડર રહેશે નહી અને તેથી ભવિષ્યમાં આવા ગંભીર પ્રકાર ના ગુના આચરતા અટકાવવા માટે આરોપીને મહત્તમ સજા ફરમાવવી જોઈએ.

**૬૪.** આરોપીના વિ. વકીલશ્રીની દલીલ એવી છે કે, આરોપી મજુરી કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે અને આરોપી પરણીત માણસ છે અને તેને પાંચ બાળકો છે અને તેના કુટુંબનો એક માત્ર કમાનાર વ્યકિત છે અને દરેકના ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર રહેલી છે અને તેથી જો મહત્તમ સજા કરવામાં આવે તો તેના કુટુંબના માણસોના ભરણપોષણનો પ્રશ્ન ઉભો થાય અને તે સંજોગોમાં આરોપીને ફરમાવેલી સજા તેના કુટુંબના માણસોને થાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. વધુમાં તેમની દલીલ એવી છે કે આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે આરોપીની ઉંમર ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

**૬૫.** ઉભયપક્ષની રજુઆતો તથા હાલના કેસની હકીકતો ધ્યાને લેતાં આરોપી રાત્રીના સમયે ભોગબનનારના ઘરમાં પ્રવેશી ભોગબનનારને બળ જબરીથી લઈ ગયેલ છે અને તેણીની સાથે બળજબરીથી શરીરસંભોગ કરેલાનું જણાય આવે છે. ભોગબનનારની ઉંમર ૧૦ વર્ષની હોવાનું ધ્યાને લેતાં આરોપીએ એક કુમળી વયની બાળકી સાથે અધમ કૃત્ય આચરેલું છે. ભોગબનનારની ઉંમર ધ્યાને લેતાં આરોપીની ઉંમરને ધ્યાને લઈ

આરોપીને ઓછી સજા કરવી ઉચિત જણાતું નથી. વધુમાં, હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી હોવા માત્રથી પણ આરોપીને ઓછી સજા કરવા માટેનું વાજબી કારણ નથી. ઉલટાનું, આરોપી જો પાંચ બાળકોનો પિતા હોય તો દસ વર્ષની બાળકી સાથે આવુ અધમ કૃત્ય કરાય નહી તેની વધુ સારી સમજ હોય અને આવા કૃત્યની ગંભીરતાની તેને પુરતી સમજ હોય. વધુમાં, આરોપી જયારે પરણીત હોય અને પોતાની પત્ની સાથે રહેતો હોય ત્યારે પોતાની વાસના સંતોષવા માટે દસ વર્ષની બાળકી સાથે આ પ્રકારનું કૃત્ય એક વિકૃત માનસિકતા દર્શાવે છે. આ પ્રકારની વિકૃત માનસિકતા ધરાવતા વ્યકિતઓ સમાજમાં ભવિષ્યમાં છૂટા ફરે તો બીજી કોઈ બાળકી સુરક્ષીત ના રહે. આવી માનસીકતા ધરાવતા વ્યકિતઓ કયારેય સમાજમાં છૂટા ના ફરે તે જોવુ જરૂરી જણાય છે અને તેથી આરોપીને ન્યુનતમ સજા કરવી ઉચિત જણાતું નથી પરંતું આરોપીને આજીવન જેલમાં મોકલવાનું વધુ ઉચિત જણાય છે.

**૬૬.૧** આરોપીની સજા નકકી કરતાં સમયે પોકસો એકટની કલમ – ૪૨ની જોગવાઈ તથા જનરલ કલોઝીજ એકટની કલમ – ૨૬ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.

**૬૬.૨. જનરલ કલોઝીજ એકટની કલમ – ૨૬ નીચે મુજબ છે.**

**કલમ ૨૬.** બે કે વધુ કાયદામાં શિક્ષાપાત્ર ગુના સંદર્ભેની જોગવાઈ– જયારે કોઈ કૃત્ય કે કાર્યલોપ બે કે વધુ કાયદામાં ગુનો બનતું હોય ત્યારે બે માં થી એક કે કોઈ પણ એક કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે અને તેને શિક્ષા કરી શકાશે પરંતું તે જ ગુના માટે બે વખત શિક્ષા કરી શકાશે નહીં.

**૬૬.૩. પોકસો એકટની કલમ – ૪૨ નીચે મુજબ છે.**

**કલમ ૪૨. વૈકલ્પિક શિક્ષા (Alternative punishment).-** જયારે કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આ અધિનિયમ અન્વયે શિક્ષાપાત્ર બનતુ હોય અને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬એ, ૩૫૪એ, ૩૫૪બી, ૩૫૪સી, ૩૫૪ડી, ૩૭૦, ૩૭૦એ, ૩૭૫, ૩૭૬, ૩૭૬એ, ૩૭૬એબી, ૩૭૬બી, ૩૭૬સી, ૩૭૬ડી, ૩૭૬ડીએ, ૩૭૬ડીબી, ૩૭૬ઈ, ૫૦૯ કે ઈન્ફોર્મેશન એકટની કલમ – ૬૭બી અન્વયે પણ શિક્ષાપાત્ર બનતુ હોય ત્યારે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં, ગુનેગાર એવા ગુના માટે દોષિત જણાય આવે તો તે માત્ર ભારતીય દંડ સંહિતા અથવા આ અધિનિયમમાં જણાવવામાં આવેલી શિક્ષા કે જેની માત્રા વધુ છે, તે શિક્ષાને પાત્ર બનશે.

**૬૭.** હાલના કેસમાં આરોપીને પોકસો એકટની કલમ – ૪ અને ૬(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. પોકસો એકટની કલમ – ૪(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે સોળ વર્ષ કરતાં ઓછી ઉંમરના બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો થયેલ હોવાનું પુરવાર કરવાનું રહે છે અને પોકસો એકટની કલમ – ૬(૧) સાથે વાંચતા કલમ–૫(એમ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો થયેલાનું પુરવાર કરવા માટે ૧૨ વર્ષ કરતાં ઓછી ઉંમરના બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો થયેલ હોવાનું પુરવાર કરવાનુ રહે છે. આમ, કલમ–૩માં પ્રવેશ જાતીય હુમલાને વ્યાખ્યાઈત કરેલ છે જયારે કલમ – ૫માં પ્રવેશ જાતીય હુમલાને કેટલાક કિસ્સામાં ગંભીર સ્વરૂપના ગણી ઉગ્ર પ્રવેશ જાતીય હુમલાને વ્યાખ્યાઈત કરવામાં આવેલ છે. આમ, કલમ – ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે પ્રથમ કલમ – ૩ મુજબ પ્રવેશ જાતીય હુમલો થયાનું પુરવાર કરવાનું રહે છે. આ

સંજોગોમાં કલમ – ૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો એ કલમ – ૬મુજબ શિક્ષા પાત્ર ગુનાનો ભાગ ગણાય અને તે સંજોગોમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૯ ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને પોકસો એકટની કલમ – ૬(૧)ના ગુનામાં સજા ફરમાવવામાં આવે તો કલમ – ૪(૨)ના ગુનામાં સજા ફરમાવી શકાય નહીં. આમ, આ સંજોગોમાં આરોપીને પોકસો એકટની કલમ – ૬(૧) અને કલમ – ૪ એમ બંને ગુનામાં અલગ અલગ સજા ફરમાવી ના શકાય.

**૬૮.** તે જ રીતે, આરોપીને ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૬૪(૧) અને ૬૫(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૬૪(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે કોઈ પણ સ્ત્રી ઉપર બાળાત્કાર ગુજારવામાં આવેલ હોવાનું પુરવાર કરાવનું રહે છે અને અને ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૬૫(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો થયેલાનું પુરવાર કરવા માટે ૧૨ વર્ષ કરતાં ઓછી ઉંમરની બાળકી ઉપર બાળાત્કાર ગુજારવામાં આવેલ હોવાનું પુરવાર કરવાનુ રહે છે. આમ, કલમ–૬૫(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે પ્રથમ કલમ – ૬૪(૧) મુજબ બાળાત્કારનો ગુનો થયાનું પુરવાર કરવાનું રહે છે અને વધુમાં આ બળાત્કારનો ગુનો ૧૨ વર્ષ કરતાં ઓછી ઉંમરની બાળકી સાથે આચરવામાં આવેલ હોવાનું પુરવાર કરવાનું રહે છે. આ સંજોગોમાં કલમ – ૬૪(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો એ કલમ – ૬૫(૨) મુજબ શિક્ષા પાત્ર ગુનાનો ભાગ ગણાય અને તે સંજોગોમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૯ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને પોકસો એકટની કલમ – ૬૫(૨)ના ગુનામાં સજા ફરમાવવામાં આવે તો કલમ – ૬૪(૧)ના ગુનામાં સજા ફરમાવી શકાય નહીં.

**૬૯.** તે જ રીતે, આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ – ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન

ઠરાવવામાં આવેલ છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ) મુજબ એક જ સ્ત્રી સાથે અવારનવાર બાળાત્કાર ગુજારવામાં આવેલ હોય તો આ જોગવાઈને આધિન આરોપી શિક્ષાને પાત્ર બને છે. તેમજ, પોકસો એકટની કલમ – ૬ સાથે કલમ ૫(એલ) વાંચતા બાળક ઉપર એકથી વધુ વખત પ્રવેશ જાતીય હુમલો આચરવામાં આવેલ હોય તો પોકસો એકટની કલમ – ૬ મુજબ આરોપી શિક્ષાને પાત્ર બને છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ) અને પોકસો એકટની કલમ – ૫(એલ)ની જોગવાઈ જોતાં એક જ પ્રકારના કૃત્યથી આ બંને ગુના બને છે. એટલે કે, એક જ કૃત્ય કરવાથી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ) અને પોકસો એકટની કલમ – ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો બને છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ) અને પોકસો એકટની કલમ – ૬ એમ આ બે શિક્ષાપાત્ર ગુનામાંથી જે જોગવાઈમાં વધુ સજાની જોગવાઈ કરવામાં આવેલી હોય તે મુજબ સજા ફરમાવવાની રહે છે. આ બંને જોગવાઈમાંથી પોકસો એકટની કલમ – ૬ માં વધુ સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. આમ, આ સંજોગોમાં આરોપીને પોકસો એકટની કલમ – ૬ અને ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૬૪(૨)(એમ) બંને ગુનામાં અલગ અલગ સજા ફરમાવી શકાય નહીં પરંતું પોકસો એકટની કલમ – ૬ મુજબની જોગવાઈ મુજબ સજા ફરમાવવાની રહે છે.

**૭૦.** આમ, આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૧) (૨) (એમ), ૬૫(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬(૧)માં અલગ અલગ સજા ફરમાવી શકાય નહીં પરંતું જે ગુનામાં મહત્તમ સજાની જોગવાઈ હોય તે મુજબની સજા ફરમાવવાની રહે છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૧) (૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪ની જોગવાઈમાં કરવામાં

આવેલી સજાની જોગવાઈ કરતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૨) અને પોકસો એકટની કલમ–૬(૧)માં વધુ સજાની જોગવાઈ કરવામાં આવેલી છે અને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૨) અને પોકસો એકટની કલમ–૬(૧)ની જોગવાઈ જોવામાં આવે તો તેમાં સજાની સમાન જોગવાઈ છે.

**૭૧.** આમ, આ તમામ સંજોગો ધ્યાને લેતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૨) અથવા પોકસો એકટની કલમ–૬(૧)ની જોગવાઈ મુજબના ગુનાની સજાની જોગવાઈ મુજબની સજા કરવાની રહે છે.

**૭૨.** આ તબકકે ભોગબનનારને વળતર આપવા અંગેની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.પોકસો એકટની કલમ–૩૩(૮) તથા પોકસો નિયમો – ૨૦૨૦ ના નિયમ–૯ની જોગવાઈ જોતાં વિશેષ અદાલત ભોગબનનારને વળતર ચુકવવાનો આદેશ કરી શકે છે. ગુજરાત વિકટીમ કોમ્પેનસેશન સ્કીમમાં બળાત્કાર ના કેસમાં ઓછામાં ઓછા વળતરની મર્યાદા ચાર લાખ અને વધુમાં વધુ વળતરની મર્યાદા સાત લાખ દર્શાવેલી છે.

**૭૩.** હાલના કેસમાં આરોપી સામે પોકસો એકટની કલમ–૪, ૬(૧) અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૧)(૨)(એન), ૬૫(૨) મુજબનો ગુનો પણ સાબીત થયેલ છે અને બનાવ વખતે ભોગ બનનાર ૧૦ વર્ષની ઉંમરના હતા અને ભવિષ્યમાં ભોગ બનનારને આ બાબતે સહન નહી કરવુ પડે તે ન માની શકાય. વધુમાં, ભોગ બનનારને થયેલી ઈજાઓ ધ્યાને લેતાં અને સામાજીક કારણો લક્ષ્યમાં લઈ રૂા.૫,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ પુરા)નું વળતર ભોગબનનારને ચુકવી આપવું જોઈએ તેવુ ન્યાયીક જણાય છે તેવું આ અદાલત માને છે.

**૭૪.** આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ તમામ સંજોગો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-  આરોપી બોડાભાઈ ઉર્ફે અજયભાઈ અનોપસિંહ નાયકા, રહે.વાવડી બુઝર્ગ, કનેલાવ ફળીયું, તા.ગોધરા, જી.પં ચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૫૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૯ સાથે જનરલ કલોઝીજ એકટની કલમ–૨૬ તથા પોકસો એકટની કલમ–૪૨ સાથે વાંચતા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૨) તથા પોકસો એકટની કલમ – ૪, ૬(૧) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં આજીવન કેદની સજા એટલે કે બાકી રહેલા જીવન સુધીની કેદની સજા તથા રૂ.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો વધુ ૬ (છ) માસ ની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

-  આરોપી બોડાભાઈ ઉર્ફે અજયભાઈ અનોપસિંહ નાયકા, રહે.વાવડી બુઝર્ગ, કનેલાવ ફળીયું, તા.ગોધરા, જી.પંચમહાલ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૫૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨) મુજબ શિક્ષા પાત્ર ગુનામાં ૫ (પાંચ) વર્ષની કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

-  આરોપી બોડાભાઈ ઉર્ફે અજયભાઈ અનોપસિંહ નાયકા, રહે.વાવડી બુઝર્ગ, કનેલાવ ફળીયું, તા.ગોધરા, જી.પંચમહાલ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૫૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨) મુજબ શિક્ષા પાત્ર ગુનામાં ૬ (છ) માસની કેદની સજા તથા રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો વધુ ૧ (એક) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

-  આરોપીને ફરમાવવામાં આવેલી તમામ સજાઓ એકસાથે ભોગવવાની રહેશે.

- આરોપીએ આ ગુનામાં જેલમાં ગાળેલ સમય સજામાં મજરે આપવો.

- ભોગબનનારને વળતર પેટે રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ચુકવી આપવાનો આથી આદેશ કરવામાં આવે છે. વચગાળાના તબકકે જો ભોગબનનારને વળતર પેટે કોઈ રકમ ચુકવી આપવામાં આવેલી હોય તો તે રકમ મજરે લેવી. ઉપરોકત વળતરની રકમમાંથી ૨૫% રકમ ભોગબનનારને રોકડમાં ચુકવી આપવી અને બાકીની ૭૫% રકમ ભોગબનનારની પસંદગીની નેશનલાઈઝ બેંકમાં પાંચ વર્ષ માટે બાંધી મુદતની થાપણમાં મુકવી. આ બાંધી મુદતની થાપણ ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરી શકાશે નહીં કે તેના ઉપર લોન મેળવી શકાશે નહીં. બાંધી મુદતની થાપણનું ભોગબનનાર વાર્ષિક વ્યાજ મેળવવા હકકદાર રહેશે અને પાંચ વર્ષ પછી ભોગબનનાર આ થાપણની પાકતી સમગ્ર રકમ મેળવવા હકકદાર રહેશે. ભોગબનનારને આદેશ મુજબની વળતરની રકમની કાયદા મુજબની ચુકવણી કરવાની કાર્યવાહી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરાએ કરવી.

- આ હુકમની એક નકલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પંચમહાલ, મુ. ગોધરાને મોકલી આપવી.

- આ હુકમની એક નકલ આરોપીને વિના વિલંબે અને વિના મૂલ્યે આરોપીને આપવી.

- આ હુકમની એક ઈ–નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, મુ. ગોધરાને મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ–એકવીસમી માહે–એપ્રીલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગોધરા.
તા.૨૧/૦૪/૨૦૨૬

( રાકેશ જે. પટેલ )
સ્પે.જજ(પોકસો) અને
ચોથા એડી.સેસન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UID No.GJ 00833

* SST